# રાષ્ટ્રીય જ્ઞાન આયોગ

# ઉચ્ચ શિક્ષણ અંગે નોંધ

## : પ્રસ્તાવના :

સમાજમાં શિક્ષણનો ફેલાવો વિકાસમાં પાછળ રહેલા દેશોમાં સફળતાનો પાયો છે. વિકાસની શોધમાં પ્રાથમિક શિક્ષણ પાયાનું કામ કરતું હોવાથી તે અત્યંત જરૂરી છે. ઉચ્ચ શિક્ષણ પણ એટલુંજ અગત્યનું છે. કારણ કે તે નવો ફેરફાર લાવે છે અને યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણનો પ્રાણ છે. આઇ.આઇ.ટી. અને આઇ.આઇ.એમ. જેવા વ્યવસાયી શિક્ષણના ટાપુઓ મહત્ત્વના પૂરક છે પણ વ્યાપક પ્રમાણમાં લોકોને શિક્ષણની તકો પૂરી પાડતી યુનિવર્સિટીઓનું સ્થાન ન લઇ શકે.

તે બાબતમાં કોઇ શંકા નથી કે ઉચ્ચ શિક્ષણે સ્વતંત્ર ભારતમાંના આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિ અને રાજકીય લોકશાહીમાં મહત્ત્વનું

પ્રદાન કર્યું છે. તે અર્થતંત્ર માટે ચેતનાનું સાધન છે. તેણે લોકો માટે સામાજિક તકો ઊભી કરી છે. તેણે આપણી રાજ્ય વ્યવસ્થામાં જીવંત લોકશાહીને પોષી છે. તેણે જ્ઞાન સમાજ ઊભો કરવાની શરૂઆત કરી છે. પણ તેની શક્તિઓ તરફજ ધ્યાન આપવાની ભૂલ થઇ શકે છે.

હકીકતમાં ભારતના ઉચ્ચ શિક્ષણમાં ધણી ઊંડી હોય તેવી એક કટોકટી છે. તે હજી દૃષ્ટિગોચર થતી નથી તેનું કારણ એટલું જ છે કે અહીં ઉત્કૃષ્ટતાના પ્રદેશો છે. પ્રતિભાશાળી વ્યક્તિઓનો અખૂટ ભંડાર છે અને પ્રવેશ કામગીરીમાં તીવ્ર સ્પર્ધા છે અને કેટલાંક મહત્ત્વના ક્ષેત્રોમાં પ્રજાસત્તાક ભારતના સ્થાપકોએ ૫૦ વર્ષ પહેલાં ઉચ્ચ શિક્ષણમાં જે કંઇ વાવ્યું હતુ તેનાં ફળ આપણને મળવા શરૂ થઇ ગયા છે. હકીકત છે કે આપણે હજી ધણું બધું કરવાનું બાકી છે. ઉચ્ચ શિક્ષણના જગતમાં પ્રવેશ કરતી ૧૮-૨૪ વર્ષની વય જૂથમાંની આપણી વસ્તીનું પ્રમાણ આશરે ૭ ટકા છે. જે ઓશિયાની સરેરાશનો આશરે એક ટકા જ છે. યુનિવર્સિટીમાં જગ્યાની સંખ્યા જોતાં ઉચ્ચ શિક્ષણની તકો આપણી જરૂરિયાત સંબંધમાં પૂરતી તો નથી જ.

વધુમાં, મોટા ભાગની આપણી યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર પ્રમાણમાં સુધારો કરવાની જરૂર છે.

એ સ્પષ્ટ છે કે ભારતમાં ઉચ્ચ શિક્ષણની પદ્ધતિને ગંભીર પડકારોનો સામનો કરવો પડે છે અને તેમાં વ્યવસ્થિત રીતે ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. જેથી કરીને શૈક્ષણિક ધોરણની ગુણવત્તા બગાડ્યા સિવાય આપણે ઘણા લોકોને શિક્ષિત કરી શકીએ. આ અગત્યનું છે કારણ કે એકવીસમી સદીમાં અર્થતંત્ર અને સમાજનું પરિવર્તન ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં આપણા લોકોમાં શિક્ષણના ફેલાવા અને ગુણવત્તા ઉપર મોટાભાગે આધાર રાખે છે. તે જ્ઞાન સમાજ માટે પાયા પૂરા પાડી શકે તેવો સમાજ છે.

ભારતમાં ઉચ્ચ શિક્ષણને નડતા પડકારો સ્પષ્ટ છે. ૨૦૧૫ સુધીમાં ઓછામાં ઓછા ૧૫ના એકંદર પ્રવેશ નોંધણીના પ્રમાણને સિદ્ધ કરવા માટે ભારતને મદદરૂપ થઇ શકે તેવી રાષ્ટ્રવ્યાપી ૧૫૦૦ યુનિવર્સિટીઓ સુધી ઉચ્ચ શિક્ષણ માટે તકોના વ્યાપક ફેલાવાની તે

માટે જરૂર પડશે. દરેક ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણની સરેરાશ ગુણવત્તા વધારવાનું પણ તેટલું જ અગત્યનું છે. તેની સાથે સાથે વિશ્વમાં શ્રેષ્ઠ છે તેની સમકક્ષ શ્રેષ્ઠતાના ઉદાહરણરૂપ સંસ્થાઓ ઊભી કરવાની જરૂર છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે સામાજિક રીતે સમાવેશી રીતે ઉચ્ચ શિક્ષણ લોકોને પ્રાપ્ત કરાવવાની જરૂર છે. શિક્ષણની સુલભતાની સાથે આ ઉદ્દેશો સિદ્ધ થવાથી અર્થતંત્ર માટે આપણને જરૂર છે તેવા કુશળતાના અને ક્ષમતાઓ વિકસશે તેમજ તે ભારતને જ્ઞાનમય અર્થતંત્ર અને સમાજમાં પરિવર્તન કરવામાં પણ મદદરૂપ થશે.

આપણે એ સ્વીકારીએ છીએ કે લાંબા ગાળાની દૃષ્ટિ સાથે ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં અર્થપૂર્ણ સુધારો મુશ્કેલ અને સંકુલ છે. તેમ છતાં તે જરૂરી છે. અને અમે આ પ્રયાસમાં નીચેના ધટક બનાવવાનું સૂચવીએ છીએ. પ્રથમ તો, હાલની જાહેર યુનિવર્સિટીઓ અને પૂર્વસ્નાતક કોલેજોને સુધારવાની જરૂર છે. બીજું, ઉચ્ચ શિક્ષણનું નિયંત્રણ કરતા સમગ્ર નિયંત્રક માળખાને બદલવાની જરૂર છે. ત્રીજુ, ઉચ્ચ શિક્ષણમાં મૂડી રોકાણમાં નાણાં પૂરાં પાડતા શક્ય દરેક સાધનને તપાસવાની

જરૂર છે. ચોથું, ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટેની આર્થિક વ્યૂહરચનાની વિચાર કરવાની જરૂર છે. પાંચમું, શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનાં કેન્દ્રો તરીકેના આદર્શ નમૂના બની શકે તેવી રાષ્ટ્રીય યુનિવર્સિટીઓના રૂપમાં નવી સંસ્થાઓ ઊભી કરવાનો સમય થઇ ગયો છે. છઠ્ઠું, ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા એ રીતે તૈયાર કરવી જોઇએ કે તે સીમાંત અને સંચિત જૂથોને સુલભ બને.

**૧. યુનિવર્સિટીઓ :**

યુનિવર્સિટીઓ અર્થતંત્ર અને સમાજમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ જ્ઞાન આપે છે અને જ્ઞાનનો ફેલાવો કરે છે. યુનિવર્સિટીઓ પરિવર્તનક્ષમ, નવાં સંશોધનો ધરાવતી અને સર્જનાત્મક હોવી જોઇએ. શિક્ષકો કે વિદ્યાર્થીઓના ઉત્તમ કૌશલને આકર્ષે તેવી હોવી જોઇએ. તેમનામાં સ્પર્ધા કરવાની ક્ષમતા અને શ્રેષ્ઠ થવાનું પ્રેરકબળ હોવાં જોઇએ. આપણી હાલની યુનિવર્સિટીઓમાં સુધારા કર્યા સિવાય આપણી ઉચ્ચ શિક્ષણની પ્રથામાં ફેરફાર કરવાનો આપણે વિચાર પણ

ન કરી શકીએ.

આમછતાં ભારતમાં યુનિવર્સિટીઓ અંગે ચિંતાનું ગંભીર કારણ છે. યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ માટે બેઠકોની સંખ્યા ઘણી જ અપૂરતી છે. મોટા ભાગની યુનિવર્સિટીઓમાં શિક્ષણની ગુણવત્તામાં ઘણો સુધારો કરવાની જરૂર છે. આપણી યુનિવર્સિટીઓ અને બહારની યુનિવર્સિટીઓ વચ્ચેનો તફાવત ઘણો વ્યાપક બન્યો છે. આપણી યુનિવર્સિટીઓમાંથી એક પણ ઉત્તમ કક્ષાએ ન આવી શકે એટલે કે વિશ્વમાંની ઉચ્ચ પચાસમાં ન આવી શકે. આપણી યુનિવર્સિટીઓને શું થયું છે તે આપણે નિદાન કરવા ન માગીએ તો પણ લક્ષણો ઘણાં જ સ્પષ્ટ છે. અલબત્ત, બધા પ્રશ્નો બધે હોતા નથી. આમાં પણ અપવાદ છે. પરંતુ નીચેના પ્રશ્નો ચિંતાનાં સમાન કારણો છે. પ્રથમતો અભ્યાસક્રમ, જે દાયકાઓથી લગભગ બદલાયા વિનાનો રહ્યો છે. તે સમય સાથે કદમ મીલાવતો નથી. જ્ઞાનની સીમાઓ વધારવાની વાત તો જવા દો. બીજું, મૂલ્યાંકનની પ્રથામાં ભણતર અને સર્જનાત્મકતા ગૌણ બની છે. જ્યાં સમજણના બદલે યાદશક્તિનું મૂલ્ય વધુ છે. ત્રીજું,

વર્ગખંડ બહારનું કશું જ પ્રેરક બને તેવું વાતાવરણ નથી. કારણ કે તે ૯.30 થી ૧.30ના મિશ્રણમાં જ ભરાઇ ગયેલ છે. ચોથું શૈક્ષણિક કેલેન્ડર વર્ગો કે પરીક્ષાઓ માટે માનપાત્ર રહ્યું નથી, કારણ કે સમયપત્રકમાં એટલી બધી ભૂલો હોય છે કે ઘણે સ્થળે સમય પત્રક મુજબ વર્ગો લેવામાં આવતા નથી અને પરિણામો ઘણી વખત ૩ થી ૧૨ મહિના પછી જાહેર કરવામાં આવતાં હોય છે. પાંચમું, પૂર્વ જરૂરી માળખું અપૂરતું જ નહિ પણ તૂટી પડવાની અણી ઉપર હોય છે. છઠ્ઠું, વિદ્યાશાખાઓ વચ્ચેની સીમાઓ નવી વિદ્યા શાખાઓ કે નવા અભ્યાસક્રમો માટે અને પ્રવેશ માટે અવરોધક બને તેવી જુદી પાડતી દિવાલો બની છે. જયારે વિદ્યાશાખાનાં કેન્દ્ર બિંદુએ જ્ઞાનનો ઘણી જ ઝડપે ફેલાવો થઇ રહ્યો છે. સાતમું, સંશોધનને અપાયેલ મહત્ત્વ સમય જતાં ધીમે ધીમે  ઓછું થતું જાય છે. આઠમું, સરખામણી કરતાં માનપત્રો પ્રમાણ કે પ્રકાશનના સ્થળમાં જોવા મળતાં પ્રકાશનના પ્રમાણ અને સંશોધનની ગુણવત્તા સંબંધમાં સંશોધનનું પ્રમાણ પહેલાં જેવું રહ્યું નથી જ. નવમું, મોટા ભાગની જાહેર સંસ્થાઓમાં છે તે પ્રમાણે

જવાબદારીની ભાવના ઘણી ઓછી જોવા મળે છે. કારણ કે સારી કામગીરી માટે કોઇ જ પુરસ્કાર મળતા નથી કે નબળી કામગીરી માટે કોઇ જ શિક્ષા કરાતી નથી. દશમું, પચાસ વર્ષો પહેલાં અમલી બનાવેલ વહીવટનું માળખું સમય અને સંજોગો બદલાતાં બદલાતું રહ્યું નથી. પણ સ્થાપિત હિતો દ્વારા આ પ્રથાને ઝડપથી બદલી નાખવામાં આવી છે.

આપણી યુનિવર્સિટીઓને શું નડે છે તેનાં સંપૂર્ણ લક્ષણો આપવાનું મુશ્કેલ છે. આપણી યુનિવર્સિટીઓ માટે સંખ્યાબંધ પગલાં દર્શાવવાનું અશક્ય તો નહિ પણ મુશ્કેલ તો છે જ. આમછતાં એ સ્પષ્ટ છે કે હાલની સંસ્થાઓના સુધારા ઉચ્ચ શિક્ષણમાં ફેરફાર કરવાં માટેના આપણા પ્રયત્નોના એક ભાગ હોવા જોઇએ. અમે માનીએ છીએ કે આ કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે. તો પણ અમે માનીએ છીએ કે નીચેના ક્ષેત્રોમાંના સુધારા અમે સૂચવેલી રીતે કરાયતો ફક્ત શકય ન નથી પણ તેમાં ફેરફાર લાવે તેવા છે.

**સંખ્યા અને કદ :** ભારતમાં ૩૫૦ જેટલી યુનિવર્સિટીઓ છે. આ સંખ્યા ઉચ્ચ શિક્ષણની આપણી જરૂરિયાત માટે કે છેલ્લાં ત્રણ વર્ષોમાં ૧૨૫૦ નવી યુનિવર્સિટીઓ ઊભી કરવા માટે સત્તા આપનાર ચીનની સરખામણીમાં ઘણી જ અપૂરતી છે. આમછતાં આપણી કેટલીક યુનિવર્સિટીઓ ઘણી જ મોટી છે. જે શૈક્ષણિક ધોરણો અને સારો વહીવટ આપે છે. આપણે યોગ્ય ક્રમની અને વધુ સક્રિય યુનિવર્સિટીઓ ઊભી કરવાની જરૂર છે. વાર્તાનો સાર એ નથી કે આપણને મોટી સંખ્યાની યુનિવર્સિટીઓની જરૂર છે. એટલે કે ૨૦૧૫ સુધીમાં દશમાં ૧૫૦૦ની જરૂર છે પણ આપણને નાની યુનિવર્સિટીઓની પણ જરૂર છે. જે પરિવર્તનક્ષમ અને વ્યવસ્થા કરવામાં સરળ પડે તેવી હોવી જોઇએ.

**અભ્યાસક્રમ :** દશકાઓથી એકને એક રહેલા યુનિવર્સિટીઓના અભ્યાસક્રમને સતત ઊંચી કક્ષાનો બનાવીને અવારનવાર બદલવાની જરૂર છે. ફેરફારનો સામનો કરીને મજબૂત બનેલ જડતાના નિયમોને અવશ્ય દૂર કરવા જોઇએ. યુનિવર્સિટીઓએ ઓછામાં ઓછું ત્રણ વર્ષે

એક વખત અભ્યાસક્રમના માળખાને બદલવાની કે તેમાં ફેરફાર કરવાની જરૂર છે. આ સુધારણા અમલ કરાતાં પહેલાં, બહારની સમકક્ષ પ્રકારની વ્યક્તિઓને તેને જોઇ જાયતેમ કરવું જોઇએ. સુધારાની આ કામગીરી, જરૂરી હોય ત્યાં કાયદામાં સુધારા કરીને શિક્ષકોને વધુ સ્વાયત્તતા આપીને તેને સરળ અને વિકેન્દ્રિત કરવી જોઇએ. કારણ કે હાલની પ્રથા અભ્યાસક્રમના સમયસરના કે ઝડપી સુધારા માટેના મોટા અંતરાયો બને છે. જે નિયમિત રીતે પોતાના અભ્યાસક્રમને ઊંચી કક્ષાનો ન બનાવે તેવા વિભાગો કે યુનિવર્સિટીઓને ઠપકો મળે તેવી પ્રથા પણ હોવી જોઇએ. એ વાત સ્વીકારવી રહી કે વિભાગોમાં મતભેદ હોવાના કારણે યુનિવર્સિટીઓમાં નવા અભ્યાસક્રમો કે સુધારેલ અભ્યાસક્રમો દાખલ કરવાનું ધણું જ મુશ્કેલ છે. આ પ્રશ્નનું નિરાકરણ કરવા માટે યોગ્ય સંસ્થાકીય વ્યવસ્થા અમલી બનાવવી જોઇએ.

**મૂલ્યાંકન :** ભારતમાં યુનિવર્સિટીઓની વાર્ષિક પરીક્ષાનું સ્વરૂપ મર્યાદિત અને બિન સમીક્ષાત્મક શિક્ષણને પોષતું હોવાથી શિક્ષણ

અધ્યાપનની પ્રક્રિયાને ઘણી વખત અવરોધે છે. આ પરીક્ષા પદ્ધતિને સુધારવાની તાતી જરૂર છે. જેથી તે યાદશક્તિ કરતાં સમજણની વધુ કસોટી કરે. વિશ્લેષણાત્મક ક્ષમતા અને સર્જનાત્મક વિચારણાનું ઊંચુ મૂલ્ય હોવું જોઇએ. ગોખણપટ્ટીંથી ભણવાની બાબતને ઓછું મહત્ત્વ આપવું જોઇએ. વિકેન્દ્રિત પરીક્ષા અને નાની યુનિવર્સિટીઓથી આવા સુધારા વધુ શકય બનશે. પણ મૂલ્યાંકન એકલી પરીક્ષાના આધારે ન થવું જોઇએ અને ન કરી શકાય. શિક્ષણ અધ્યાપન પ્રક્રિયામાં તે પ્રાણ ફૂંકતી હોઇ શિક્ષક અને વિદ્યાર્થી એ બંનેને શક્તિમાન બનાવે તેવી સતત આંતરિક મૂલ્યાંકન પદ્ધતિની ખૂબજ જરૂર છે. આવું આંતરિક મૂલ્યાંકન વિદ્યાર્થીની વિશ્લેષણાત્મક અને સર્જનાત્મક ક્ષમતાને પણ પોષે છે. જે યુનિવર્સિટીથી સંચાલિત વાર્ષિક પરીક્ષા માટે ઘણી વખત અસામાન્ય છે. શરૂઆતમાં આંતરિક મૂલ્યાંકનમાં કૂલ ગુણાંકના ૨૫ ટકા ગુણ આપી શકાય પણ સમય જતાં તે વધારીને ૫૦ ટકા સુધી કરી શકાય.

**કોર્સ ક્રેડિટ :** હાલની પ્રથા ઘણા જડ નિયમો અને વિદ્યાર્થીઓ માટે

ઓછી પસંદગી ધરાવે છે. નાની યુનિવર્સિટીઓ કે સેમિસ્ટર પ્રથાથી ચાલતી યુનિવર્સિટીઓ દેખીતીરીતે ઘણી જ છૂટછાટ ધરાવતી હોય છે. આમછતાં મોટી યુનિવર્સિટીઓમાં પણ અભ્યાસક્રમના માળખામાં વધારે વિવિધતા અને વધુ ફેરફાર દાખલ કરવાની જરૂર છે. જુદા જુદા અભ્યાસક્રમોમાંથી જરૂરી સંખ્યાની ક્રેડિટ પૂરી કરાતાં ડિગ્રીઓ આપવામાં આવતી હોય ત્યાં કોર્સ ક્રેડિટ પ્રથામાં ફેરફાર કરવાની આનાથી શરૂઆત થશે. દરેક વિદ્યાર્થીએ તેના પસંદગીના વિષયમાં લધુત્તમ સંખ્યાની ક્રેડિટ મેળવવાની રહેશે પણ બીજા વિષયોના અભ્યાસક્રમમાંથી બાકીની ક્રેડિટ મેળવવાની તેને છૂટ હોવી જોઇએ. વિદ્યાર્થીઓને બંધાયેલા રાખવાને બદલે તેમને પસંદગી આપવી જોઇએ.

**સંશોધન :** સંશોધનને યુનિવર્સિટીઓની બહાર કરવું જોઇએ એ માન્યતાએ સાધનોથી પોષાયેલ એકલી રહી શકે તેવી સંશોધન સંસ્થાઓ ઊભી કરવાનો અમે પ્રયાસ કર્યો છે. આ પ્રક્રિયામાં અમે મૂળભૂત સિદ્ધાંતને ભૂલી ગયા. એક બીજાને પોષતા શિક્ષણ અને

સંશોધન વચ્ચે સુમેળ છે. યુનિવર્સિટીઓ જ સંશોધનનું કુદરતી સ્થાન છે. વધુમાં, યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક સર્વોત્કૃષ્ટતાની શોધમાં સંશોધન જરૂરી છે. ભૂતકાળમાં જે બની ગયું તે બદલવાનો સમય થઇ ગયો છે અને યુનિવર્સિટીઓને ફરી એક વખત સંશોધનનું કેન્દ્ર બનાવવાની જરૂર છે. આ માટે સાધનોની ફાળવણી, બદલાની પદ્ધતિ અને માનસમાં ફેરફાર કરવાની જરૂર છે.  સંશોધન માટે માતબર રકમની ગ્રાન્ટ આપવી જોઇએ. આ ગ્રાન્ટની જોગવાઇ સ્પર્ધાત્મક હોવી જોઇએ અને આ ગ્રાન્ટનું ધોરણ આયોજન ગ્રાન્ટ અને આયોજન બહારની ગ્રાન્ટ માટેના સામન્ય ધોરણથી જુદુ હોવું જોઇએ.

**વિદ્યાશાખા :** પ્રતિભાશાળી વિદ્યાશાખાના સભ્યોને આકર્ષીને રાખવા માટેના સભાન પ્રયાસો કરાવા જોઇએ. આ જરૂરી છે કારણ કે શક્તિશાળી વિદ્યાશાખાના સભ્યો હોય તેવા કૌશલ ધરાવતા વિદ્યાર્થીઓને ભારતમાં બીજા વ્યવસાયોમાં અથવા ભારત બહાર શૈક્ષણિક વ્યવસાયોમાં ધણી જ આકર્ષક એવી પસંદગીઓ હોય છે. નિવાસની સગવડ સાથે કચેરી માટે જગા અને સંશોધન સહાયના

રૂપમાં તેમને કામ કરવાની સ્થિતિ પૂરી પાડવાની જરૂર છે. પણ તે પૂરતું નહિ હોય. આની સાથે તેમને કેટલાંક પ્રોત્સાહનો અને પુરસ્કારો પણ આપવાં જોઇએ. આમછતાં આ પ્રશ્નનું બીજું પાસું પણ છે. યુનિવર્સિટી અંશતઃ રૂપમાં શ્રેષ્ઠ હોય તેની હમેશાં પસંદગી કરતી નથી. કારણ કે દેશના જ પુત્ર/પુત્રીઓને લેવાની નીતિ રહી છે. જેમાં તેમના પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પસંદ કરવાનું તેમના ઉપર છોડે છે. આના કારણે ગુણવત્તા કથળે છે અને યુનિવર્સિટીઓમાં પ્રાદેશિકતાવાદ પોષાય છે. તેથી યુનિવર્સિટીઓમાં બહારના અધ્યાપકોના આદાન પ્રદાનને પ્રોત્સાહત આપવું જોઇએ. આમાં એક ટોચ મર્યાદા દાખલ કરવાની જરૂર છે. એટલે યુનિવર્સિટીમાંથી જ લઇ શકાય તેવા વિદ્યાશાખાના પ્રમાણમાં અડધા કે એક તૃતીયાંશને લઇ શકાય. આનાથી અધ્યાપકોની નિમણૂકોમાં ખરેખર જ વધુ સ્પર્ધાત્મકતા અને વધુ પારદર્શકતા આવી શકશે.

**નાણાં વ્યવસ્થા :** યુનિવર્સિટીઓમાં સાધનોની ખેંચ છે. જેનાથી તેમને ઘણી ઓછી નાણાકીય છૂટ રહે છે. સામાન્ય રીતે નિભાવના આશરે ૭૫ ટકા જેટલી રકમ પગાર અને પેન્શનની છે. બાકીના ૨૫ ટકામાંથી ઓછામાં ઓછા ૧૫ ટકા ભાડાં, વીજળી, ટેલિફોન અને પરીક્ષાઓ જેવી બાબતોમાં વપરાઇ જાય છે. બાકી રહેતી રકમ કે જે ૧૦ ટકા કરતાં પણ ઓછી છે તે વિકાસની વાત ન કરીએ તો પણ નિભાવ માટે પૂરતી નથી. પ્રયોગશાળાઓ અને ગ્રંથાલયોને નાણાંની ખેંચ વર્તાય છે અને મકાનો નીચે પડવાની સ્થિતિમાં હોય છે. પણ આ બધુ પૂરતું નથી. મોટા ભાગની યુનિવર્સિટીઓમાં આયોજન (મૂડી રોકાણ) ખર્ચ આયોજન બહારના (નિભાવ) ખર્ચના પાંચ ટકા કરતાંય ઓછું છે. કુલ ખર્ચમાં મૂડી રોકાણનું આવું નાનું પ્રમાણ ભવિષ્યને ગીરવે મૂકી શકે છે. આમ બની રહ્યું છે. વિકાસ ગ્રાન્ટ માટે. થોડીક ફાળવણી કરવી અને પગાર સિવાયની જરૂરીયાતો પાછળ થોડીક જોગવાઇ કરવા માટે યુનિવર્સિટીઓ માટે બજેટની પુનઃફાળવણી અંગે થોડોક વ્યૂહાત્મક વિચાર કરવાનો સમય આવી ગયો છે. સાધનોની ફાળવણીના

ધોરણમાં પગાર/પેન્શન માટે અને નિભાવ/વિકાસ મૂડી રોકાણ માટે જોગવાઇ કરવા વચ્ચે સારું સંતુલન જાળવવું જોઇએ. આ ધોરણોમાં ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન મળે તે માટેનાં ધોરણો અને વ્યૂહાત્મક પસંદગી સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વનાં લઘુત્તમ ધોરણની અગત્યતા સ્વીકારવી જોઇએ.

**પૂર્વ જરૂરી માળખું :** શિક્ષણ અધ્યાપન પ્રક્રિયાને અત્યંત પ્રત્યક્ષ સહાય કરે તેવા પૂર્વ જરૂરી માળખાની બાબતોની ઉપર નિયમિત રીતે દેખરેખ રાખીને તેની કક્ષા ઊંચી લઇ જવાની જરૂર છે. આ માટે વર્ગ ખંડો, રમતગમતની સુવિધાઓ અને ઓડિટોરિયમ ઉપરાંત ગ્રંથાલયો અને પ્રયોગ શાળાઓ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. એ જરૂરી છે કે યુનિવર્સિટીઓ કેમ્પસમાં જ બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બોડ બેન્ડ અને કનેક્ટિવીટી પૂરી પાડે. આની સમાંતર માહિતી પ્રૌદ્યોગિકી પ્રથાને ઉપયોગ કેમ્પસના સમૂહો માટે, બીજી સંબંધિત વેબ સેવાઓ સાથે પ્રવેશ, વહીવટ અને પરીક્ષાઓ માટે ઠરાવો જોઇએ. અને શક્ય તેટલું

જલદીથી યુનિવર્સિટીઓના નેટવર્કિંગ માટે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચરનો અમલ કરાવો જોઇએ.

**વહીવટ :** યુનિવર્સિટીઓના વહીવટના માળખામાં સુધારાની તીવ્ર જરૂર છે. હાલની પ્રથા ખામી ભરેલી છે. એક તરફ તે સ્વાયત્તતા જાળવતી નથી. બીજી તરફ તે જવાબદારી વધારતી નથી. યુનિવર્સિટીઓની સ્વાયત્તાને સરકારની દરમિયાનગીરીથી ખરાબ અસર થઇ છે અને રાજકીય પ્રક્રિયાઓમાંથી હસ્તક્ષેપ થવાથી અવળી અસર થઇ છે. આ બંધ થવું જોઇએ. સાથે સાથે યુનિવર્સિટીઓમાં પૂરતી પારદર્શકતા અને જવાબદારી નથી અને પ્રોત્સાહન મળવું જોઇએ. સર્વ સામાન્ય ઉપાયો સૂચવવાનું ઘણું જ મુશ્કેલ છે. અગત્યની શરૂઆત રૂપે કેટલાંક પગલાં સ્પષ્ટ છે. પહેલું, વાઇસ ચાન્સેલરોની નિમણૂંક શોધ પ્રક્રીયા અને સમકક્ષ વ્યક્તિઓના નિર્ણય એકલા ઉપર આધારિત હોવી જોઇએ. તે સરકારના સીધા કે આડકતરા વિક્ષેપથી મુકત હોવી જોઇએ. એક વખત નિમાયેલ વાઇસ ચાન્સેલર છ વર્ષની

મુદત માટે રહેવા જોઇએ. કારણ કે મોટા ભાગની યુનિવર્સિટીઓમાં ત્રણ વર્ષની અને કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં પાંચ વર્ષની હાલની મુદત પૂરતી નથી. બીજું, યુનિવર્સિટી કોર્ટ, એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિયુટિવ કાઉન્સિલનાં કદ અને રચના નિર્ણય લેવાની કામગીરીને ધીમી બનાવે છે અને ધણી વખત ફેરફારમાં અંતરાયરૂપ બને છે. ૫૦૦ પ્લસના કદ સાથે યુનિવર્સિટી કોર્ટ મહત્વની હોવા કરતાં ઔપચારિકતા બની ગઇ છે તેને સમાપ્ત કરી શકાય છે. મોટી અકેડેમિક કાઉન્સિલો ધણી વખતતો મળતી નથી અને મળે છે ત્યારે નિર્ણયો ધીમે ધીમે લેવાય છે. આમ, એકેડેમિક કાઉન્સિલની સ્થાયી સમિતિઓ જે પ્રતિનિધિત્વ કરતી હોય છે. તે અવારનવાર બેઠકો અને ઝડપી નિર્ણયો માટે ઉભી કરાવી જોઇએ. તે પછી વાઇસ ચાન્સેલરે જવાબદારી ઊભી કરવા માટે નિયંત્રણો અને સમતોલન પૂરાપાડે તેવી એકઝીકયુટિવ કાઉન્સિલની સલાહ અને સંમતિથી સંચાલન કરવા માટે જેને સત્તા અને છૂટ છે તે ચીફ એકઝીકયુટિવ ઓફિસર તરીકે કામ કરવું જોઇએ. ત્રીજું, અનુભવ દર્શાવે છે કે પરોક્ષ રાજકીયકરણે

યુનિવર્સિટીના વહીવટને અત્યંત મુશ્કેલ બનાવ્યું છે અને બહારની બિન શૈક્ષણિક કામગીરી ઉપર અસર પહોંચાડી છે. આ સમસ્યાને ખાસ કરીને સરકારી, વૈદ્યાનિક અને રાજકીય પક્ષોમાં યુનિવર્સિટીઓમાંજ નહિ, બહાર પડે સ્વીકારીને તેનો દૂર કરવાની જરૂર છે.

**૨. પૂર્વસ્નાતક કોલેજો :**

પૂર્વ સ્નાતક શિક્ષણ નોંધાયેલ વિદ્યાર્થીઓના આશરે ૮૫ ટકા થાય છે તે આપણી ઉચ્ચ શિક્ષણ પ્રથાનો સૌથી મોટો ભાગ છે. તે કોલેજો દ્વારા આપવામાં આવે છે. જયાં વિદ્યાર્થીઓ વિનયન, વિજ્ઞાન કે વાણિજ્યમાં પ્રથમ ડિગ્રી માટે પ્રવેશ મેળવે છે. કુલ આશરે ૧૭,૭૦૦ જેટલી પૂર્વ સ્નાતક કોલેજો છે. આમાથી ફકત ૨૦૦ કોલેજો ૧૩૧ કોલેજો સાથે જોડાયેલ છે કે તેના ભાગ છે. સરેરાશ, દરેક યુનિવર્સિટીમાં ૧૦૦ કરતાં વધુ સંલગ્ન કોલેજો છે પણ કેટલીક યુનિવર્સિટીઓ છે જે દરેક સાથે ૪૦૦ કરતાં વધુ સંલગ્ન કોલેજો છે.

પૂર્વ સ્નાતક શિક્ષણ માટેની આ સંલગ્ન કોલેજ પ્રથા જે પચાસ

વર્ષ પહેલાં યોગ્ય હશે તે અત્યારના તબક્કે પર્યાપ્ત કે યોગ્ય નથી. ભવિષ્યની વાત જવાદો. તેની વ્યવસ્થા કરવાનું મુશ્કેલ છે અને બોર્ડના લધુતમ શૈક્ષણિક ધોરણોનું પાલન કરવાનું પણ મુશ્કેલ છે. આ પ્રશ્નને ઓછામાં ઓછા ત્રણ પાસા છે. પહેલું, તે યુનિવર્સિટીઓ ઉપર ભારે બોજ નાંખે છે. તેણે પ્રવેશનું નિયમન કરવાનું છે. અભ્યાસક્રમ નક્કી કરવાનો છે અને આવી સંખ્યાબંધ પૂર્વ સ્નાતક કોલેજો માટેની પરીક્ષાઓ લેવાની છે. આ પ્રશ્ન અસમાન ધોરણો અને ભૌગોલિક ફેલાવાથી વિકટ બન્યો છે. બીજું, સ્વાયત્તતા અને જગ્યાની બાબતમાં તેમની સંલગ્ન સ્થિતિથી પૂર્વ સ્નાતક કોલેજો દબાણ અનુભવે છે, જેનાકારણે સુસંગત થવા, નવું સંશોધન કરવા અને ઘડવાનું તેમને માટે મુશ્કેલ બનાવે છે. પૂર્વ સ્નાતક કોલેજો માટે આ પ્રશ્ન ખૂબજ તીવ્ર છે. કારણ કે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખૂબ જ ધીમી ગતિએ બહાર જવાની ફરજ પડતી હોઇ તેથી તેઓ કોન્વોમ (રક્ષણ) પ્રોબ્લેમને આધીન બને છે. પૂર્વ સ્નાતક કોલેજોના પણ પ્રશ્ન છે કે જે આટલી સારી કે નબળી હોતી નથી. કારણ કે યુનિવર્સિટીઓ તેમની ખાસ જરૂરીયાતો

કે ખાસ પ્રશ્નોનો નિકાલ કરી શક્તી નથી. ત્રીજું, કોલેજમાં પ્રવેશતાં પહેલાં શાળા ખાતેની કામગીરીનો એટલો વ્યાપક ફેલાવો, હોવાથી આટલી મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ નક્કી કરવાનું તથા તેમની કામગીરીનું મૂલ્યાંકત કરવાનું મુશ્કેલ છે. આ હકીકતથી અભ્યાસક્રમ ઓછી માગવાળા બને છે અને બોર્ડમાં ઓછી કડક પરીક્ષાઓ લેવાની થાય છે. હકીકતમાં અભ્યાસક્રમ અને પરિક્ષાની રચના મોટા વિદ્યાર્થી સમુદાય માટે બરાબર એક જ સમાન રાખવા કરતાં પરિવર્તનશીલ બનાવવાની જરૂર છે.

યુનિવર્સિટી સાથે સંલગ્ન પૂર્વ સ્નાતક કોલેજોની પદ્ધતિની પુનઃરચના કરવાની તાકીદે જરૂર છે. તેમ કરતી વખતે હાલમાં ચાલતી અને ભવિષ્યમાં સ્થપાનાર પૂર્વ સ્નાતક કોલેજો વચ્ચે ભેદ પાડવાની જરૂર છે. એ યાદ રાખવું જરૂરી છે. કે પૂર્વ સ્નાતક કોલેજો જે પ્રશ્નથી પીડાય છે તેજ પ્રશ્નથી યુનિવર્સિટીઓ પણ પીડાય છે.

સૌથી દેખીતો ઉકેલ બ'વ્યક્તિગત કોલેજો તરીકે કે કોલેજનાં જૂથ તરીકે કોલેજોને સ્વાયત્તતા આપવાનો છે.

**વ્યક્તિગત કોલેજો :**

પુરવાર થયેલ શૈક્ષણિક ઉત્કૃષ્ટતા અને કાર્યક્ષમ વહીવટ કામગીરી ધરાવતી કોલેજોને શૈક્ષણિક સ્વશાસન સંબંધમાં સ્વાયતત્તા આપી શકાય. હાલની સંલગ્ન કે ઘટક કોલેજોને વ્યવસાયિક સ્વીકૃતિ સંસ્થાઓ દ્વારા યોગ્ય મૂલ્યાકન પછી તબક્કાવાર સ્વાયતત્તા આપવી જોઇએ. આવી કોલેજોની કામગીરીની સમીક્ષાને સંસ્થાનું સ્વરૂપ આપવું જોઇએ અને શૈક્ષણિક અને વહીવટી કામગીરીનાં યોગ્ય માન્ય ધોરણોનું પાલન થયે તેમને યુનિવર્સિટીનો દરજ્જો આપી શકાય. આ કોલેજ તંત્રને સાધનોની આંતરિક ફાળવણીની બાબતમાં નાણાકીય સ્વાયત્તતા આપવી જોઇએ. આમછતાં નાણાં વ્યવસ્થાની હાલની પદ્ધતિઓ ચાલુ રાખવી. હવે પછી સંચાલનની બાબતમાં અભ્યાસક્રમ

નક્કી કરવામાં આ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની બાબતમાં સ્વાયત્તતા આપી શકાય.

**કોલેજ જૂથો :** સમાન ધોરણો કે ભૌગોલિક નજીકના જેવાં ધોરણોએ પસંદ કરેલ કોલેજનાં જૂથોને સ્વાયત્તતા આપી શકાય. ત્યાર પછી આ કોલેજો તેમની વચ્ચેના જુદા જુદા અભ્યાસક્રમો આપીને એક બીજાને પૂરક એવું જૂથ રચી શકે છે. સમય જતાં આ જૂથોની કક્ષા ઊંચી લઇજઇને યુનિવર્સિટીની સ્થાપના કરી શકાય. આ સ્વાયત્ત જૂથોમાં કોર્સ ક્રેડિટ પ્રથાનો અમલ કરી શકાય જેથી જુદી જુદી સ્થાપના ક્રેડિટ સીસ્ટમના ધોરણે સેમિસ્ટર આધારિત અભ્યાસક્રમો આપે અને ક્રેડીટ કોલેજોમાં તબદીલ કરી શકાય. પ્રશ્નો હલ કરવા માટે અને કોલેજોમાં અભ્યાસક્રમના વહીવટ માટેની વ્યવસ્થાને સમિતિઓ પ્રતિનિધિત્વ માટેની જોગવાઇ કરીને સસ્થાનું રૂપ આપી શકાય.

આવી સ્વાયત્ત કોલેજો કે કોલેજોનાં જૂથો ૨૦૧૫ સુધીમાં અમે દરખાસ્ત કરીએ છીએ તેવી રાષ્ટ્ર વ્યાપી ૧૫૦૦ યુનિવર્સિટીઓનો

ભાગ બનશે. આમછતાં એ વાત સ્વીકારવી રહી કે આ એક સર્વશ્રેષ્ણપણ મર્યાદિત ઉકેલ છે. આમાં બે સ્પષ્ટ પ્રશ્નો છે.

સ્વાયત્ત કોલેજના નમૂનાનો પ્રથમ પ્રશ્ન વિકલ્પ તરીકે સ્વાયત્તા આપવાના પ્રિન્સિપલ એજન્ટનો પ્રશ્ન છે. પ્રેરણ અને કોલેજોની ક્ષમતા વચ્ચે ભેદ પાડવાની જરૂર છે. જે કોલેજો સ્વાયત્ત બનવા ઇચ્છે છે પણ તેને પાત્ર નથી અને સ્વાયત્ત બનવાની ક્ષમતા છે પણ સ્વાયત્તતા માટે તેને પસંદ કરવાની ઇચ્છા નથી તેવી કોલેજો વચ્ચે અમે ભેદ પાડવા માગીએ છીએ. સ્વાયત્ત બનવા ઇચ્છતી પણ યોગ્ય ન હોય તેવી કોલેજો માટે સ્વાયત્ત સ્થિતિ પ્રાપ્ત કરવા લાગતી કોલેજો માટે એક ફિલ્ટરીંગ વ્યવસ્થા અમલી બનાવવી જોઇએ. વિદ્યા શાખા અને વિષયોની મહત્ત્વની સંખ્યા, વહીવટ, વિદ્યાર્થીઓનો ટ્રેક રેકર્ડ, વિદ્યાશાખા અને સંશોધન, ગ્રાન્ટના ઉપયોગથી મપાતી વહીવટી ક્ષમતા, ઓડિટની નિયમિતતા, કચેરીનાં સાધનો અને હિસાબનો નિભાવ, યુનિવર્સિટી કામગીરીમાં પ્રદાન, માળખા વિષયક સુવિધાઓ

અને સ્વીકૃતિ એજન્સી દ્વારા પ્રાપ્ત હોય તો મૂલ્યાંકન. જે કોલેજો સ્વાયત બની શકે પણ તેમ બનવા માગતી ન હોય તેમને માટે ખાસ કરીને શૈક્ષણિક સ્ટાફને સ્વાયત્તતા મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે યોગ્ય પ્રોત્સાહનો તૈયાર કરવાં જોઇએ. પ્રોફેસરોની જગ્યાઓ સહિત સ્ટાફ માટે વ્યવસાયી પ્રોત્સાહનો, નાણાં વ્યવસ્થા અને સાધનો ઊભાં કરવાને લગતાં સંસ્થાકીય પ્રોત્સાહનો, સંશોધન ગ્રાન્ટ અને વધુ ગતિશીલતાની જોગવાઇ કરવી.

સ્વાયત્ત કોલેજોના નમૂના માટેનો બીજો પ્રશ્ન એ છે કે તે મર્યાદિત પ્રમાણમાં કે પૂર્વસ્નાતક કોલેજોની મર્યાદિત સંખ્યાને માટે જ ઉકેલ આપી શકશે. હવે રહેનાર પૂર્વસ્નાતક કોલેજોની નોંધાયેલ સંખ્યા જ રહેશે. કારણ કે, તેમને સ્વાયત્ત બનવા માટે કે સ્વાયત્ત જૂથમા જોડાવા માટેની ક્ષમતા નહિ હોય. સ્વાયત્ત જૂથમાં જોડાવાની ક્ષમતા ન હોય તેમને માટે સ્પષ્ટ ઉકેલ તેમની હાલની યુનિવર્સિટીઓ સાથે જોડાએલ કોલેજો સાથે ચાલુ રહેવાનો હશે. તેવા પ્રસંગે આ પૂર્વ સ્નાતક કોલેજો માટે પ્રશ્ન ચાલુ રહેશે એટલું જ નહિ પણ તેમની સાથે

જોડાયેલ યુનિવર્સિટીઓ માટે પણ ચાલુ રહેશે. આમ છતાં, આ પૂર્વ સ્નાતક કોલેજોનો એક ભાગ નિયત ધોરણોના આધારે તેમની હાલની યુનિવર્સિટીઓ સાથે જોડાવાનું ચાલુ રાખશે. આ માટે બીજી બે શક્યતાઓ તપાસી શકાય.

પ્રથમ શક્યતા એ છે કે આ જોડાયેલી કોલેજોમાંથી કેટલીકને સામૂહિક કોલેજો તરીકે ફરી બનાવી શકાશે. આ કોલેજો બે વર્ષનું વ્યાવસાયિક શિક્ષણ અને ત્રણ વર્ષના અભ્યાસક્રમનું ઔપચારિક શિક્ષણ આપી શકે. તેનાથી વિદ્યાર્થી વસ્તીના અમુક ખાસ વર્ગની જરૂરિયાતો વધુ સારી રીતે પૂરી પાડી શકાશે. તે વ્યવસાય લક્ષી, કૌશલ આધારિત અને જીવનને પહોંચી વળે તેવાં શિક્ષણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. આ સમૂહ કોલેજો સમગ્ર શિક્ષણ  પુરું પાડવા માટે અને વંચિત લોકોને રોજગાર માટેની પાત્રતા પૂરી પાડવાની અપૂર્વ તક પૂરી પાડી શકે છે.

બીજી શક્યતાએ છે કે પૂર્વ સ્નાતક શિક્ષણના રાજ્ય બોર્ડ સાથે પૂર્વ સ્નાતક શિક્ષણનું કેન્દ્રીય બોર્ડ આપણે સ્થાપીએ કે જે તેમની સાથે જોડાયેલ રહેવાનું પસંદ કરે તેવી પૂર્વ સ્નાતક કોલેજો માટે અભ્યાસક્રમ નક્કી કરે અને પરીક્ષાઓ લે. આ બોર્ડ વહીવટી કાર્યોથી શૈક્ષણિક કાર્યોને અલગ પાડે અને તે સાથે ગુણવત્તાયુક્ત સીમાચિહ્નો પૂરાં પાડે. વહીવટ ઘણો જ સરળ બની શકે. એ શક્ય છે કે હાલની કેટલીક પૂર્વસ્નાતક કોલેજો ખાસ કરીને તેમની મૂળ યુનિવર્સિટીથી થોડાક ભૌગૌલિક અંતરે આવેલી છે. તે આ બોર્ડ સાથે તેઓ જાતે જોડાઇ શકે.

નવી પૂર્વ સ્નાતક કોલેજો ઉચ્ચ શિક્ષણમાં તકોના ફેલાવાનો અંગભૂત ભાગ અવશ્ય બની શકે. આપને કયાં મૂકવી? ટ્રેક રેકર્ડ સિવાય સ્વાયત્ત કોલેજો બનવાનું તેમના માટે મુશ્કેલ બની શકે છે. સ્વાયત્ત કોલેજોના જૂથ સાથે કેટલીક જોડાઇ શકે છે પણ તે નિયમ કરતાં અપવાદ તરીકે વધુ હશે. જે અતિભાર ધરાવે છે તેવી હાલની

યુનિવર્સિટીઓ સાથે જોડવાનું તેમને માટે શક્ય નહિ હોય. તેથી જોડાવા માટે નવી પૂર્વ સ્નાતક કોલેજો માટે ત્રણ શકય વિકલ્પો છે. પ્રથમ, તેમને સમૂહ કોલેજો તરીકે સ્થાપી શકાય. બીજું, તેમને પૂર્વસ્નાતકના કેન્દ્રીય બોર્ડ કે પૂર્વસ્નાતકના રાજય બોર્ડ સાથે જોડી શકાય. ત્રીજું, તેઓ સ્થપાનાર નવી યુનિવર્સિટીઓ સાથે જોડાઇ શકે.

અલબત્ત પૂર્વસ્નાતક કોલેજો સંબંધમાં ઊભા થતા વહીવટ, અભ્યાસક્રમ, પરીક્ષાઓ, કોર્સક્રેડીટ અને પ્રવેશને લગતા આ મુદ્દાઓ છે. આ નોંધના આગળના ભાગમાં યુનિવર્સિટીઓ અંગે તેની ચર્ચા કરવામાં આવી છે.

**3. વિનિયમન :**

ઉચ્ચ શિક્ષણ માટે સ્વાયત્ત નિયમનકારી તંત્ર સ્થાપવાની જરૂર છે. આવું નિયમનકારી તંત્ર જરૂરી અને ઇચ્છનીય બંને છે. તે બે કારણોસર જરૂરી છે.

પહેલું, ભારતમાં યુનિવર્સિટી સ્થાપવા માટે સંસદના વિદ્યાનમંડળનો કાયદો તે માટે જરૂરી છે. કહેવાતી યુનિવર્સિટીઓનો માર્ગ નવી સંસ્થાઓ માટે ઘણો જ મુશ્કેલ છે. હાલમાં છે તે પ્રમાણે એકલા વિદ્યાનમંડળ દ્વારા પ્રવેશ ઘણો જ મુશ્કેલ છે. પરિણામ એ છે કે તેમની ગુણવત્તામાં ક્રમશઃ ઘટાડા સાથે હાલની યુનિવર્સિટીઓના સરેરાશ કદમાં એકધારો વધારો થશે. સ્પર્ધાના અભાવે પ્રશ્નો ફકત તીવ્ર બનશે. બીજું, આપણે ઉચ્ચશિક્ષણ પ્રથાને વિસ્તારવા માગીએ છીએ તેથી ખાનગી સંસ્થાઓ અને જાહેર ખાનગી ભાગીદારી માટે પ્રવેશનાં ધોરણો જોઇએ. આ માટે સંસ્થાના માળખાનો અત્યારે જ અને અહીં અમલ કરવો પડશે.

ચાર મહત્ત્વનાં કારણોસર તે ઇચ્છનીય છે. પહેલું લાભાર્થીઓ માટે તે નિકટતા ઊભી કરતી હોઇ હિતોનો ટકરાવ ઓછો થશે. બીજું વધુ યોગ્ય સહાય દ્વારા વધુ નિયમન ધરાવતી પણ ઓછું નિયંત્રણ ધરાવતી હાલની પ્રથામાં ફેરફાર કરશે. ત્રીજું હાલની પ્રથાને સુયોજિત

કરશે, જ્યાં આદેશો ગુંચવાડાભર્યા અને બેવડાતા હોય છે. ચોથું એક જ બારીમાંથી મંજૂરી આપે તેવી ઘણીબધી નિયમનકારી  એજન્સીઓને સમાપ્ત કરશે.

ઉચ્ચ શિક્ષણની હાલની નિયમનકારી પ્રથા ઘણી ખામીઓ ધરાવે છે. પ્રવેશ માટેના અવરોધો ઘણાજ ઊંચા છે, પ્રવેશ અધિકૃત કરતી પ્રથા ગુંચવાડાવાળી છે. પ્રવેશ પછીના વ્યાપક નિયમો છે, જેમકે યુનિવર્સિટી અનુદાન આયોગ ફીથી માંડીને અભ્યાસક્રમ સુધી સંસ્થાની લગભગ બધીજ બાબતોનું નિયમન કરવા માગે છે.  પદ્ધતિ સ્પષ્ટ અતાર્કિક સિદ્ધાંતો ઉપર આધારિત છે. યુનિવર્સિટી અનુદાન આયોગની કલમ ૩.૧.૨(ક) સૂચવે છે કે અનુદાન આપવાની પરવાનગી તો જ આપવામાં આવશે કે જો આયોગને ખાતરી થાય કે રાજ્યની હાલની સંસ્થાઓ રાજ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી નથી. વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રમાંના બીજા વિનિયામક સિદ્ધાંતોનું પાલન કરવામાં ઘણી વખત અસુસંગત હોય છે. એવા કેટલાય દાખલાઓ છે

જ્યાં ઇજનેરી કોલેજ કે બિઝનેસ સ્કૂલોને જરૂરી શિક્ષકો આવશ્યક માળખા કે સુવિધાઓ સિવાય જ મોટા શહેરોમાં પરાંમાંના નાનાં ઘરોમાં ઝડપથી  મંજૂરી આપવામાં આવે છે. પણ સુસ્થાપિત યુનિવર્સિટીઓને આવી મંજૂરી મેળવવામાં મુશ્કેલીઓ પડે છે. આવા ઘણા દાખલા આપી શકાય. આ બાબત એટલું જ બતાવે છે કે હાલનું ગુચવાડાભર્યું, બહુવિધતાભર્યું  અને જડ નિયમનકારી માળખું ભારતમાં ઉચ્ચ શિક્ષણની તકોના વિસ્તરણ માટે અનુકૂળ નથી.

ટૂંકમાં હાલનું નિયમનકારી માળખું સારી સંસ્થાઓ આપવામાં અવરોધક છે. ખોટી જગ્યાએ હાલની સંસ્થાઓનું અતિશય નિયમન કરે છે અને તે ઉચ્ચ શિક્ષણમાં નવસંશોધન કે નવસર્જનને અનુકૂળ નથી. તેથી પડકાર એવી નિયામક પદ્ધતિ બનાવવાની છે કે જે ઉત્તમ સંસ્થાઓને પાંગરવામાં મદદ કરે અને આ સંસ્થાઓમાં જવાબદારીની ભાવના ખીલવે. આવી સંસ્થાના સ્વતંત્ર વડા નિયમકએ આવી પ્રથાના પાયાના પથ્થર બનવાનું છે.  સૂચિત ઉચ્ચ શિક્ષણ

માટેનું સ્વતંત્ર નિયામન તંત્રે (IRAHE) પ્રવેશનું નિયમન કરે તેવા સિદ્ધાંતોનું સુયોજન કરવાનું છે. આ સુયોજનનાં બે પાસાં છે. શેનું નિયમન કરવાનું છે અને વિનિયમન કરવા માટેના કયા કયા સિદ્ધાંતો છે?

ઉચ્ચ શિક્ષણમાં નિયામકો પાંચ ફરજો બજાવે છે. (૧) પ્રવેશ : ડિગ્રી આપવાનો પરવાનો (૨) અધિકૃતિ : સીમા ચિહ્નરૂપ ગુણવત્તા (૩) જાહેર નાણાંની ચુકવણી (૪) પ્રવેશ : ફી કે હકારાત્મક પગલાં (૫) પરવાનો : વ્યવસાય કરવો.

વિશ્વમાં ભારત જ કદાચ એવો દેશ છે કે જ્યાં પાંચમાંથી ચાર ફરજોનું નિયમન ફક્ત એક વ્યક્તિ એટલેકે યુનિવર્સિટી અનુદાન આયોગ (UGC) કરે છે. ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમન તંત્ર (IRAHE) બનાવવાનો હેતુ આ કાર્યોને જુદાં પાડવાનો છે. સૂચિત ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) ધોરણો નક્કી કરવા અને પ્રવેશનો નિર્ણય કરવા માટે જવાબદાર રહેશે. આ ઉપરાંત તે અધિકૃતિ આપવા માટે સંસ્થાઓને પરવાનો આપશે. યુનિવર્સિટી અનુદાન

આયોગની ભૂમિકા જાહેર નાણાંની ચુકવણી પૂરતી મર્યાદિત રહેશે. પ્રદેશના મુદ્દાનું નિયમન અનામત રાખવા અંગે અને હકારાત્મક પગલાનાં બીજાં રૂપો અંગે રાજ્યના કાયદાથી થશે અને કેટલીક સંસ્થાઓમાં વ્યવસાયી મંડળો વ્યવસાય ચલાવવા માટેની પાત્રતા નક્કી કરવાની જરૂરિયાતો નિયત કરશે. AICTE જેવી બીજી બધી નિયામક સંસ્થાઓને નાબૂદ કરવાની રહેશે. જ્યારે MCI અને BCI વ્યવસાયી મંડળો તરીકેની તેમની ભૂમિકા મર્યાદિત રહેશે. આ વ્યવસાયી મંડળો વ્યવસાયમાં દાખલ થવા માગતી વ્યક્તિઓને પરવાના આપવા માટે દેશભરમાં પરીક્ષાઓ યોજી શકશે.

વિનિયમનું બીજું પાસું વિનિયમન કરવા માટે ઉપયોગમાં લેવાના સિદ્ધાંતનું છે. ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) વિવેકાધીન નિયંત્રણો કરતાં પારદર્શી ધોરણો ઉપર આધારિત નવી સંસ્થા શરૂ કરવા માટેની યોગ્યતા નક્કી કરશે. તેનું મુખ્ય કામ ડિગ્રી આપતા પરવાના મંજૂર કરતી વખતે તે યોગ્ય ઉધમશીલતા વાપરશે. આમ કરતી વખતે તે નિયત ધોરણોમુજબ

આપેલી માહિતીના આધારે સૂચિત સંસ્થાની શૈક્ષણિક વિશ્વસનીયતા અને નાણાકીય સદ્ધરતાનો કયાસ કાઢશે. તે દેશની તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને જે ધોરણો લાગુ કરશે તે જ ધોરણો જાહેર અને ખાનગી સંસ્થાઓને પણ બરાબર લાગુ કરશે.

ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) ની રચના નીચે પ્રમાણે કરાશે, તેમાં અધ્યક્ષ અને છ સભ્યો હશે. અધ્યક્ષના હોદ્દાની મુદત છ વર્ષની રહેશે. સભ્યોના હોદ્દાની મુદત પણ છ વર્ષની રહેશે. આ સંસ્થાના બે તૃતીયાંશ સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થશે. અધ્યક્ષ ઉચ્ચ શિક્ષણમાં વહીવટનો અનુભવ ધરાવતા કોઇ પણ વિદ્યાશાખામાં વિશિષ્ટતા ધરાવતા વિદ્વાન હોવા જોઇએ. સભ્યો ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન, કાયદો અથવા વ્યવસ્થાપન જેવા વ્યવસાયી વિષયોમાંથી લીધેલા વિશિષ્ટતા ધરાવતા વિદ્વાન હોવા જોઇએ. ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) ઉકત પ્રત્યેક વિદ્યાશાખામાંથી સંસ્થાને સલાહ આપવા માટે વિદ્યા

શાખામાંથી લીધેલા કેટલાંક ખંડ સમયના સભ્યો કે સ્થાયી સમિતિ ધરાવતી હશે. ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) ના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક સર્ચ કમિટીની ભલામણના આધારે પ્રધાન મંત્રીશ્રી કરશે.

ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE) ની સ્થાપના સંસદના અધિનિયમથી કરાશે. તે એકજ એવી સંસ્થા હશે જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સત્તા આપવા માટે ડિગ્રી આપવા માટે અધિકૃત છે. વળી તે ધોરણો ઉપર દેખરેખ રાખવા અને ઝગડા પતાવવા માટે જવાબદાર રહેશે. તેને પરવાના આપતી માન્ય સંસ્થા માટેની તંત્ર તરીકે પણ ગણવું જોઇએ. ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર IRAHE સરકારના સંબંધિત મંત્રાલયો સહિત બધા સરકારી અને સ્વતંત્ર લાભાર્થીઓથી અવશ્ય દૂર હોવું જોઇએ. UGC, AICTE, MCI અને BCI ના અધિનિયમોને સુધારવા જોઇએ. યુ.જી.સી.ની ભૂમિકા ઉચ્ચ શિક્ષણની સરકારી સંસ્થાઓને ગ્રાન્ટની ચુકવણી અને નિભાવ માટે ધ્યાન આપવા માટે ફરી-રચવી જોઇએ. AICTE, MCI અને BCI

ની પ્રવેશ નિયંત્રણની કામગીરી ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્ર (IRAHE)એ બજાવવી જોઇએ. જેથી તેની ભૂમિકા વ્યવસાયી મંડળો પૂરતીજ મર્યાદિત રહે. આ વ્યવસાયી મંડળો વ્યવસાયમાં દાખલ થવા માંગતી વ્યક્તિઓને  પરવાના આપવા માટે દેશભરમાં પરીક્ષાઓ લઇ શકે છે.

**૪. નાણાં વ્યવસ્થા :**

આપણી ઉચ્ચ શિક્ષણની પ્રથાનું વિસ્તરણ જે જરૂરી અને ઇચ્છનીય છે તે નાણા વ્યવસ્થા સિવાય શક્ય નથી. ગુણવત્તાવાળું શિક્ષણ આપવામાં વધારો કરવાની બાબત મૂડી રોકાણમાં વધારો કરવા ઉપર આધાર રાખે છે. જે માટે સામાં નાણાકીય સાધનો પણ જરૂરી છે. આવાં નાણાં માટે કેટલાંક સાધનો છે.

**સરકારી સહાય :** દુનિયામાં ઉચ્ચ શિક્ષણની કોઇપણ પ્રથા એવી નથી કે જે નોધપાત્ર પ્રમાણમાં સરકારી જોગવાઇ ઉપર આધારિત ન હોય અને સરકારી નાણાં વ્યવસ્થા આપણા ઉચ્ચ શિક્ષણની પ્રથાને સુધારવા

માટેની કોઇ વ્યૂહરચનાનો પાયાનો પથ્થર રહેશે. જીડીપીના ૦.૭ ટકાની ઉચ્ચ શિક્ષણ માટેની સરકારી સહાય પૂરતી તો નથી જ. હકીકતમાં છેલ્લા દાયકામાં ઉચ્ચ શિક્ષણ માટે ફાળવેલ સાધનોમાં વિદ્યાર્થી દીઠ તેમજ એકંદર રીતે પણ નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. આદર્શ વિશ્વમાં ઉચ્ચ શિક્ષણમાંની સરકારી સહાય શિક્ષણ માટેના જી.ડી.પીના કુલમાંથી છ ટકા માંથી જી.ડી.પી.ના ૨ ટકા ન હોય તો પણ ઓછામાં ઓછી ૧.૨ ટકા હોવી જોઇએ. આ કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે પણ સરકારે ૨૦૧૨ સુધીમાં આ સ્થિતએ પહોંચવા માટેનો પ્રયાસ કરવો જોઇએ. આમછતાં રાજ્ય નાણા સહાયનું આવું મોટું પ્રમાણ ઉચ્ચ શિક્ષણમાંનું જંગી વિસ્તરણ જે આવશ્યક છે, માટે પૂરતું નથી. તેથી જાહેર ખર્ચમાંના વધારામાં  પૂર્તિ કરે તેવી વ્યાપક શક્યતાઓ શોધી કાઢવાની આવશ્યકતા છે.

**અસ્કયામતનું વધુ સારું વ્યવસ્થાપનઃ**

મોટાભાગની જાહેર યુનિવર્સિટીઓ જમીનના રૂપમાં

વણવપરાયેલ સંપત્તિના એક મોટા ભંડાર ઉપર બેઠેલી છે. હકીકતમાં થોડીક કલ્પનાથી આપણી ઘણી યુનિવર્સિટીઓને જમીનનું અનુદાન આપે તેવી સંસ્થાઓમાં ફેરવી શકાય તેમ છે. દરેક યુનિવર્સિટીની પાસે નવી અસ્કયામત વ્યવસ્થાપન યોજના હોવી જોઇએ. આવી યોજનાઓ યુનિવર્સિટીઓના ઉદ્દેશોને સુસંગત હોવી જોઇએ. આમ છતાં હાલમાં યુનિવર્સિટીઓ પાસે આ અંગે કોઇ જ વ્યૂહ રચના નથી. યુનિવર્સિટીના કબજામાંથી ભૌતિક સંપત્તિના ઉપયોગ અંગે વ્યૂહાત્મક બાબતોનો વિચાર કરવા માટે ઠીકઠીક અવકાશ છે. નાણાંના સાધન તરીકે પોતાની જમીનનો ઉપયોગ કરવા માટે યુનિવર્સિટીઓ માટે ધારાધોરણો અને માપદંડો ઘડવાનું શક્ય હોવું જોઇએ.

**ફીનું સુયોજનઃ**

સરેરાશરીતે જોતાં ફી આપણી યુનિવર્સિટીઓમાંના કુલ ખર્ચના ૧૦ ટકા કરતાં ઓછી થાય છે. મોટા ભાગની યુનિવર્સિટીઓમાં દાયકાથી ફીમાં કોઇ જ ફેરફાર થયો નથી. સિદ્ધાંતની દૃષ્ટિએ ફી અંગેનો

નિર્ણય કરવાની યુનિવર્સિટીઓને સ્વતંત્રતા છે. આમછતાં યુનિવર્સિટીઓએ પ્રવેશ અંગે કેટલીક સાચી ચિંતાઓને કારણે અંશતઃ અને રાજકીટ પ્રક્રિયામાંના વાણીવિલાસ અને લોકપ્રિય થવાની ભાવનાને કારણે મહ્દંશે આ છૂટનો ઉપયોગ કરાયો નથી. આવક અને ખર્ચ વચ્ચેના તફાવતની ખાઇ પૂરવા માટે સહ્રાયક અનુદાન આપવાની યુ.જી.સી.ની પદ્ધતિથી આ પ્રશ્નનું સમાધાન થયું છે. પરિણામે વધુ ફી દ્વારા આવક વધારવા માટે યુનિવર્સિટીઓ કે કોલેજો માટે પ્રોત્સાહ્ન નથી તેથી તે રકમ તેમની યુ.જી.સી. કે (રાજ્ય સરકારની) ગ્રાન્ટમાંથી કાપી લેવાશે. કોઇ સાધનની કસોટી સિવાય જાહેર યુનિવર્સિટીઓની ઓછી ફી થી અનિચ્છનીય લાભાર્થીઓ માટે અનેક લાભો મળશે. પરંતુ ખાનગી વ્યક્તિઓ અને વિદેશી સંસ્થાઓ બજાર ખમી શકે તેવી ફી લેવા પર કોઇ જ નિયંત્રણ નથી. આ અંગે ફરી વિચાર કરવાનો સમય પાકી ગયો છે. કારણ કે આપણી પાસે ફીને સુયોજિત કર્યા સિવાય બીજો કોઇ જ વિકલ્પ નથી. ફીનું ધોરણ યુનિવર્સિટીઓએ નક્કી કરવાનું છે પણ ધોરણ તરીકે ફી યુનિવર્સિટીઓમાંના કુલ ખર્ચના ઓછામાં ઓછી

૨૦ ટકાને પહોંચી વળવી જોઇએ. આ ઉપરાંત ફી ભાવના સૂચક આંક દ્વારા દર બે વર્ષે તેની સાથે મેળ બેસાડવો જોઇએ. આવો નાનો, સતત મેળ અમુક સમય પછી મોટા અને સ્વતંત્ર ફેરફાર કરતાં ઘણા સરળતાથી પચાવીને સ્વીકારવામાં આવશે. ફીનું આ સુયોજન બે શરતોને અધીન હોવું જોઇએ. એક તો જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને તેમના ખર્ચને પહોંચી વળવા માટે ફી માફી ઉપરાંત શિષ્યવૃત્તિ આપવી જોઇએ અને બીજું યુનિવર્સિટીઓને પોતાની ગ્રાન્ટ ઇન એઇડમાંથી સમાન (matching) કપાત કરીને વધુ ફીમાંથી ઊભાં કરેલાં સાધનો માટે યુજીસીએ શિક્ષા કરવી જોઇએ.

**દાતાનો ફાળો :**

અમે આ શક્યતાનો ઉપયોગ કર્યો નથી તે સ્પષ્ટ છે. હકીકતમાં ઉચ્ચ શિક્ષણમાં કુલ ખર્ચમાં આવા ફાળાનું પ્રમાણ ૧૯૫૦માં ૧૨ ટકા કરતાં વધુ હતું તે ૧૯૯૦માં ૩ ટકા કરતાં ઓછું થતાં તેમાં ઘટાડો થયો છે. યુનિવર્સિટીઓ અને દાતાઓ માટે પ્રોત્સાહનમાં ફેરફાર દ્વારા

પરોપકારની આ પ્રથાને પોષવાનું શક્ય હોવું જોઇએ. હાલની પ્રથામાં પ્રોત્સાહનનો સ્પષ્ટ અભાવ વર્તાય છે. જો યુનિવર્સિટીઓ બીજેથી સાધનો ઊભાં કરે તો તેમના ગ્રાન્ટઇન એઇડમાં આટલી કપાત કરીને હકીકતમાં તેમને શિક્ષા કરવામાં આવે છે. આપણે આનાથી તદ્દન ઊંધુ જ કરવાની જરૂર છે. જે યુનિવર્સિટીઓ ફાળા દ્વારા સાધનો ઊભાં કરે તેને આટલી ગ્રાન્ટ આપીને ઇનામ આપવું જોઇએ. હાલમાં ઢીલા કાયદા અને ટ્રસ્ટના કાયદાઓ એ બંનેના સ્પષ્ટ અવરોધો છે. યુનિવર્સિટીઓની દેણગી ખાસ જામીનગીરીઓમાં મૂકવી જોઇએ જ્યાં મળતરના દર ઓછા છે અને ફુગાવાના દર સાથે ભાગ્યેજ સુસંગત રહે છે. વધુમાં ટ્રસ્ટે એકજ વર્ષમાં દેણગીમાંથી થતી આવકના ૮૫ ટકા ખર્ચવા જોઇએ જેથી આવકના ફકત ૧૫ ટકા દેણગીનું ભંડોળ ઊભું કરવામાં વાપરી શકાય. આ કાયદાઓમાં ફેરફાર કરવા જોઇએ જેથી યુનિવર્સિટીઓ પોતાની પસંદગીનાં નાણાકીય સાધનોમાં મૂડી રોકી શકે અને તેમની દેણગીની આવકનું ભંડોળ ઊભું કરવામાં ઉપયોગ કરી શકે.

**બીજાં સાધનો :**

સ્પષ્ટપણે યુનિવર્સિટીઓ વેપારી પાસાંથી ઘેરાઇ જવી જોઇએ નહિ, પણ વિદ્યાર્થીઓનો ફાળો, લાઇસંસ ફી, કે વપરાશ કરનારના ખર્ચા ( બહારના લોકો દ્વારા ઉપયોગ કરાતી યુનિવર્સિટીની સુવિધાઓ માટે) જેવાં બીજાં સાધનોનો ઉપયોગ કરવાનું ડહાપણભર્યુ બનશે. આપણે સહાયક સંસ્થાકીય વ્યવસ્થા તંત્ર ઊભું કરવાની જરૂર છે. જેમાં યુનિવર્સિટીઓ આ માટે વ્યાવસાયિક સંસ્થાઓને રોકી શકે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી પણ સાધનો ઊભાં કરવાનું કામ પણ વિદ્વાનો બજાવી શકેનહિ કારણ કે તે માટે ખાસ પ્રતિભા અને અનુભવની જરૂર પડે છે. યુ.જી.સી.ની હાલની પ્રથા સંસ્થાને આપેલ ગ્રાન્ટ ઇન એઇડમાંથી સમાન કપાત સાથે ઊભાં કરેલ કોઇ સાધનો માટે યુનિવર્સિટીઓને પણ શિક્ષા કરે છે. સાધનો ઊભાં કરવા માટ યુનિવર્સિટીઓને શિક્ષા કરવા કરતાં યુ.જી.સી.એ તેમને પ્રોત્સાહિત કરવી જોઇએ. આ ઉપરાંત, યોગ્ય સંસ્થાકીય વ્યવસ્થા ઊભી કરીને કે તેનો ઉપયોગ કરીને બીજેથી સાધનો ઊભાં કરવાની સ્વાયત્તા અને છૂટ યુનિવર્સિટીઓને અચૂક હોવી જોઇએ.

**ખાનગી મૂડી રોકાણઃ**

ત્રણ વ્યવસાયોમાં એટલે કે ઇજનેરી, તબીબી અને મેનેજમેન્ટમાં શિક્ષણનું હકીકતમાં ખાનગીકરણ થયું છે, જેથી બે તૃતીયાંશથી ત્રણ ચતુર્થાંશ બેઠકો ખાનગી સંસ્થાઓમાં છે. જયાં ૭૦ ટકા કરતાં વધુ આપણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે યુનિવર્સિટી શિક્ષણમાંનું ખાનગી મૂડીરોકાણ લગભગ નગણ્ય છે. શૈક્ષણિક તકો વધારવાના સાધન તરીકે ઉચ્ચ શિક્ષણમાં ખાનગી મૂડી રોકાણને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આપણે બે વાત સ્વીકારવી જોઇએ કે વિશ્વમાં ઉત્તમ ઇચ્છા હોવા છતાં પણ સરકારી નાણાં હાલમાં જરૂરી છે તે પ્રમાણમાં ઉચ્ચ શિક્ષણ માટેની તકોમાં વ્યાપક વધારો કરવા માટે પૂરતાં નથી.

**જાહેર ખાનગી ભાગીદારી :**

વધુ ખાનગી મૂડી રોકાણ (નફા માટે નહિ) મેળવવા માટે ખાસ કરીને જમીનના અનુદાનના રૂપમાં જાહેર નાણાંને વધારવાનું શક્ય છે. જયાં રાજકીય આશ્રય ગર્ભિત છે તેવી જમીનની ફાળવણીની હાલની પ્રથા ખરેખર શૈક્ષણિક ઉદ્યોગ સાહસિકોને રોકે છે અને ખાનગી રીતે

સ્થાવર મિલકતના માલિકોને પ્રોત્સાહન આપે છે. સિદ્ધાંતની દૃષ્ટિએ જ્યાં સરકાર જમીન આપતી હોય અને ખાનગી ક્ષેત્ર નાણાં આપતાં હોય ત્યાં જાહેર ખાનગી ભાગીદારી તરીકે ઉચ્ચ શિક્ષણમાં નવી સંસ્થાઓ અને ફકત વધુ આઇ.આઇ.ટી અને આઇ.આઇ.એમ. જ નહિ પણ વધુ યુનિવર્સિટી પણ શરૂ કરવાનું શક્ય હોવું જોઇએ. આવી જાહેર ખાનગી ભાગીદારી જે યુનિવર્સિટી અને ઉદ્યોગ વચ્ચેના સંવાદને પ્રોત્સાહન આપે છે તે શિક્ષણ અને સંશોધનને પણ મજબૂત બનાવશે.

**આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ :**

ભારત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું સ્થળ રહ્યું નથી, ૩૦ વર્ષો પહેલાં તે હતું તેટલું પણ અત્યારે નથી. ઉચ્ચ શિક્ષણ માટે ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવાનો સભાન પ્રયાસ કરવા માટે આપણી પાસે અત્યારે સમય છે. આનાથી આપણો શૈક્ષણિક માહોલ સમૃદ્ધ બનશે. તેનાથી ગુણવત્તામાં વધારો થશે. તે નાણાનું મહત્ત્વનું સાધન બનશે. વર્ષે ૧૦,૦૦૦ અમેરિકી ડોલરના સરેરાશ દરે

ફી લેતાં ૫૦,૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓને કારણે ૦.૫ બીલીયન અમેરિકી ડોલરની આવક આવશે જે હાલના વિનિમયના દરે ગણતાં હાલના ભાવે દર વર્ષે રૂ. ૨૩૦૦ કરોડ જેટલા થશે. સિક્કાની બીજી બાજુ કદાચ વધુ મહત્વની છે. અંદાજો એવું દર્શાવે છે કે વિદેશોમાં અભ્યાસ કરતા ભારતના આશરે ૧,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓ છે. ફી અને નિભાવ અંગેનું તેમનું સરેરાશ ખર્ચ વર્ષે વિદ્યાર્થી દીઠ ૨૫૦૦૦ અમેરિકી ડોલર હોય તો વિદેશમાંના ભારતીય વિદ્યાર્થીઓ ૪ બિલિયન અમેરિકી ડોલર ખર્ચી રહ્યા છે. જે હાલના વિનિમયના દરે ગણતાં હાલના ભાવે દર વર્ષે રૂ. ૧૮,૪૦૦ કરોડ જેટલા થાય. જો આપણે આપણી પ્રથામાં વધારેલ સ્થળો અને વધારેલ ગુણવત્તા સાથે વિદ્યાર્થીઓ માટે વધુ તકો ઊભી કરીએ તો ભારતમાં ઉચ્ચશિક્ષણ માટે નાણાંના સાધન તરીકે આમાં વિપુલ શક્યતાઓ રહેલી છે.

**૫. ગુણવત્તા :**

ઉચ્ચ શિક્ષણમાં સ્વતંત્ર નિયામક દાખલ કરવા, હાલની જાહેર યુનિવર્સિટીઓમાં સુધારા અને રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ ઊભી કરવા જેવી

બાબતો ભેગી કરાતાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. પણ ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાને વધારે તેવાં કેટલાંક સાનુકૂળ પગલાંથી સમર્થન આપવાની જરૂર છે.

**જવાબદારી :**

ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા અનેક પરિબળો ઉપર આધાર રાખે છે પણ દરેક કક્ષાએ જવાબદારી એ મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે. તેથી ઉચ્ચ શિક્ષણે બહારની દુનિયા સામે જવાબદારી પૂરી પાડવી જોઇએ અને પદ્ધતિમાં જવાબદારી ઊભી કરવી જોઇએ. યુનિવર્સિટીની જવાબદારીને રાજ્યના નિયંત્રણ સાથે મેળવીને ગૂંચવાડો ઊભો કરવો જોઇએ નહિ. નિયંત્રણો અને સમતોલન ઉપર આધારિત સંસ્થાકીય વ્યવસ્થા આ માટે સૌથી અસરકારક વ્યવસ્થા બની રહે છે. સમાજ પ્રત્યે જવાબદારીનો આવશ્યક ઉદ્દેશ કેવળ રાજ્યની સત્તા વધારવા કરતાં વિદ્યાર્થીઓને નિર્ણય લેતા કરવાનો હોવો જોઇએ. નિર્ધારિત કામગીરીનું ધોરણ કે નિરીક્ષણો નિયંત્રણોનાં રૂપો છે. યુનિવર્સિટીઓ વચ્ચેથી પસંદગી કરવી અને યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન કરવામાં વિદ્યાર્થીઓ

અથવા તેમના વાલીઓને મદદ કરે તેવી પ્રથા આપણે ઊભી કરવી જોઇએ.

**સ્પર્ધા :**

ઉચ્ચ શિક્ષણ ઉપર નિયંત્રણ મૂકવું તે જવાબદારી ઉપરનો અવરોધ છે. જયારે વિદ્યાર્થીઓ સામે ઓછી પસંદગી હોય ત્યારે સંસ્થાઓને તેમની ઉપર વધુ સત્તા હોય છે. જે વિદ્યાર્થીઓને પસંદગી પૂરી પાડે અને સંસ્થાઓ વચ્ચે સ્પર્ધા ઊભી કરે તેવા ઉચ્ચ શિક્ષણનું વિસ્તારણ જવાબદારી વધારવામાં મહત્ત્વનું બની રહેશે. અલબત્ત ભારતમાં સંસ્થાઓ વચ્ચેની આવી સ્પર્ધાઓ આવશ્યક છે. પણ ભારત બહારની સ્પર્ધાનું મહત્ત્વ જે સંખ્યા કરતાં ગુણવત્તાની દૃષ્ટિએ વધુ મહત્ત્વનું છે તેનું મૂલ્ય ઓછું આંકવું જોઇએ નહિ. આ માટે ભારતમાં વિદેશી સંસ્થાઓના પ્રવેશ માટે તેમજ વિદેશમાં ભારતીય સંસ્થાઓની વૃદ્ધિ માટેની યોગ્ય નીતિઓ ધડવી જોઇએ. આવી નીતિઓમાં એ સુનિશ્ચિત કરવું જોઇએ કે ભારતમાં આવવા માટે સારી સંસ્થાઓને પ્રોત્સાહન મળે અને ઉતરતાં ધોરણની સંસ્થાઓ માટે શિક્ષા થવી

જોઇએ. હાલની વ્યવસ્થા આ બાબતનો વિરોધ કરે છે. ઉતરતાં ધોરણવાળી વ્યક્તિઓ દોડીને ઘૂસી જાય છે જ્યારે મહત્ત્વની યુનિવર્સિટીઓ દૂર રહે છે કારણ કે તે પોતાની સ્વાયતતા માટે વધુ ધ્યાન રાખે છે અને પોતાના માટે સીમા ચિહ્નો સ્થાપવા માગે છે. આમ છતાં ન્યાયી વ્યવહાર સુનિશ્ચિત કરવો જોઇએ અને દેશમાંની યુનિવર્સિટીઓને લાગુ પડતા નિયમો વિદેશની સંસ્થાઓને પણ લાગુ પાડવા જોઇએ. સાથે સાથે નીતિઓથી શૈક્ષણિક ઉત્કૃષ્ટતા માટેની તેમની શોધ માટે સ્પર્ધાની તક તરીકે પણ વેપારની તક તરીકે નહિ એ રીતે વિદેશોમાં કેમ્પસ ઊભા કરવા માટે ભારતીય સંસ્થાઓને પ્રોત્સાહન મળવું જોઇએ અને તેમને હતોત્સાહ કરવી જોઇએ નહિ. અલબત્ત વિદેશમાંનું વિસ્તરણ હાલની કે ભવિષ્યની દેશની વ્યવસ્થાના ભોગે નહિ હોવું જોઇએ.

**અધિકૃતિ :**

અત્યાર સુધી સરકારી નિયામકોની સત્તાઓ વધારીને જવાબદારી ઊભી કરવાનો આપણે પ્રયાસ કર્યો છે. છતાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તેણે ઘણું જ ઓછું કર્યું છે. દાખલા તરીકે નેશનલ એક્રેડીટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલનો વિચાર કરો. આ પ્રથામાં ત્રણ લક્ષણો છે જે તેની વિશ્વસનીયતામાં ઠીક ઠીક ઘટાડો કરે છે. પહેલું તે એક સંસ્થા NAAC ને અધિકૃતિ અંગે મોનોપોલીની સત્તા આપે છે. બીજું, NAAC ને પોતાને બધી સંસ્થાઓનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા નથી. તેણે અત્યાર સુધીમાં કુલ સંખ્યાના દશ ટકાનું મૂલ્યાંકન કર્યું છે. ત્રીજું NAAC ની પદ્ધતિ ઘણીજ વિવેકાધિકારવાળી છે. રાજ્યે ઊભી કરેલી એક જ સંસ્થાને મોનોપોલી સત્તા આપવાના બદલે ઉચ્ચ શિક્ષણ માટેનું સ્વતંત્ર નિયમત તંત્રને મૂલ્યાંકન કરવા માટે ઘણીબધી જાહેર અને ખાનગી અધિકૃત સંસ્થાઓને લાઇસન્સ આપવાની સત્તા આપી શકાય. આમ કરવામાં નિયામક તેમના માટેનાં ધોરણો નિયત કરી શકે. આની સાથે તેમની અધિકૃતિનાં સાધનો અને કક્ષા સહિત બધી શૈક્ષણિક સંસ્થાઓને માટે કડક માહિતી આપવાનાં ધોરણો આપવાનાં હશે. ખાસ

કરીને ખાનગી ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણમાંની ઝડપી પ્રગતિ થવાના કારણે વિશ્વસપાત્ર અધિકૃતિ પ્રક્રિયામાંથી વિશ્વાસનીય માહિતીથી વિદ્યાર્થીઓ અને વાલીઓને સુસજ્જ કરવાની તીવ્ર જરૂર ઊભી થઇ છે. આ પ્રથામાં ઉચ્ચ શિક્ષણ પ્રથામાં સ્વનિયંત્રણની સંસ્થાઓ ઊભી કરીને તેમજ વિશ્વસ્તરની અધિકૃત પદ્ધતિમાંથી માન્યતા મેળવવાની છૂટ સાથે પૂર્તિ કરી શકાય.

**આંતરિક પદ્ધતિ :**

મોટા ભાગની યુનિવર્સિટીઓમાં મુખ્ય લાભાર્થીઓ, વિદ્યાર્થીઓ જવાબદારી માટેની કોઇ વ્યવસ્થાનો ઓછામાં ઓછો ભાગ બને છે દેખીતીરીતે, વિદ્યાર્થીનું મૂલ્યાંકન કાળજીપૂર્વક ઉપયોગમાં લેવું જોઇએ. તો પણ, તેઓ જવાબદારીનાં મૂળભૂત પગલાંનો ભાગ બની શકે છે. જે સમયપત્રકમાં નિયત કરેલ વર્ગોને રાખવામાં આવતા હોય તે ઓછામાં ઓછું પ્રસ્થાપિત તો કરે છે, પણ તે પૂરતું નથી. શિક્ષક દ્વારા શિક્ષકના સમોવડિયાના મૂલ્યાંકનની આપણને જેટલી જરૂર છે તેટલી વિદ્યાર્થીઓ

દ્વારા અભ્યાસક્રમ અને શિક્ષકોના મૂલ્યાંકનની જરૂર છે. આવી આંતરિક મૂલ્યાંકન પ્રથા અધ્યાપન-શિક્ષણ પ્રક્રિયામાંની જવાબદારીને મજબૂત બનાવશે. આ બાબતને યુનિવર્સિટી પ્રથાનાં બીજાં પાસામાંની જવાબદારી માટે સંસ્થાકીય વ્યવસ્થાની સાથે જોડવી જોઇએ.

**માહિતી :**

લગભગ બધેજ જાહેર ક્ષેત્રમાંની માહિતી જવાબદારીનું અગત્યનું સાધન છે. ઉચ્ચ શિક્ષણ તેમાં અપવાદ ન હોવો જોઇએ. ઉચ્ચ શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ માટે માહિતીનાં ધોરણો હોવાં જોઇએ. તેમણે લોકોની જાણ માટે તેમની નાણાકીય સ્થિતિ, ભૌતિક સંપત્તિ, અધિકૃતિનાં ધોરણો, પ્રવેશનાં ધોરણો, અધ્યાપકોની સ્થિતિ, શૈક્ષણિક અભ્યાસક્રમ વગેરેને લગતી મૂળ માહિતી આપવી જોઇએ. આનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય પસંદગી કરવામાં મદદ થશે. વધુ માહિતીથી સુસજ્જ સ્પર્ધા સાથેની માહિતીથી જવાબદારીની ખામીને દૂર કરી શકાશે.

**પ્રોત્સાહનો :**

જો આપણે કામગીરી નહિ કરવા માટે શિક્ષા ન કરી શકીએ તો પણ કામગીરી કરવા માટે પુરસ્કાર આપવાનું દાખલ કરવાની જરૂર છે. અલબત્ત આપણે એ વાત સ્વીકારવી જોઇએ કે યુનિવર્સિટીઓ સરકારી અને કોર્પોરેટ માળખામાંના ક્રમિક વિશ્વથી જુદી છે. પ્રોત્સાહનની જાળ ઘણી જ સૂક્ષ્મ છે. તેમ છતાં પ્રતિભા ધરાવતા અધ્યાપક સભ્યોને આકર્ષવા અને તેમને ટકાવી રાખવા માટેના સાધન તરીકે યુનિવર્સિટીઓમાં અને તેમની વચ્ચે પગારના તફાવતનો વિચાર કરવાનો સમય થઇ ગયો છે. એક જ યુનિવર્સિટીમાંના શિક્ષકોમાં પગારનો તફાવત કેટલાક વિભાગોમાંના શિક્ષકો માટેનું તક ખર્ચ દર્શાવતો હોવો જોઇએ. આ બાબત, બજારમાંનું વળતર બીજા વિષયો કરતાં વધુ હોય ત્યાં કેટલીક વિદ્યાશાખાઓમાં પ્રતિભાને ટકાવી રાખવામાં મદદરૂપ થશે. પગારનો આ તફાવત કેટલીક વિદ્યાશાખાઓમાં ઉત્કૃષ્ટતાનાં કેન્દ્રો બનાવવામાં કેટલીક યુનિવર્સિટીઓને મદદ કરી શકે છે. તેની સાથે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સમાજ વિજ્ઞાન અને માનવવિદ્યાઓ જેવા સારા

ઉદાર શિક્ષણ માટે જે જરૂરી હોય અને બજારમાં સારું વળતર ન મળતું હોય તેવા બુનિયાદી વિભાગો માટે આવશ્યક વિદ્યા શાખાઓને શિક્ષકો અને વિદ્યાર્થીઓ આકર્ષવા માટે યોગ્ય પ્રોત્સાહનો આપવામાં આવે છે. યુનિવર્સિટીઓમાં અને તેમની વચ્ચેના પગારનો આવો તફાવત મોટો ન હોય એ રીતે અસરકારક હોવોજોઇએ. ખરેખર, વિદ્યાશાખાના સભ્યો વચ્ચે પગારના તફાવત માટે અધિકતમ પ્રમાણ નક્કી કરવા માટે સબળ કારણ હોવું જોઇએ. જેથી અધ્યાપકના પદના અસ્તિત્વ સામે જોખમ ઊભું ન થાય. દેખીતીરીતે, યુનિવર્સિટીઓએ બીજા સ્થળોના પગાર સાથે સ્પર્ધા નહિ કરવી જોઇએ પણ જેઓ કામગીરી બજાવે તેમને માટે કેટલાક પ્રીતિયમ સાથે બધાજ માટે વાજબી લઘુતમ ધોરણ આપવાનો પ્રયાસ કરવો જોઇએ. આવાસ, અધ્યાપન અને સંશોધન માટેની સારી સુવિધાઓ અને સંસ્થાની પ્રાથમિક જવાબદારીઓની વિરોધી ન હોય ત્યાં સુધી બિનશૈક્ષણિક વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે કેટલીક છૂટ જેવાં બીજાં પ્રોત્સાહનોનો વિચાર કરવાનું પણ આવશ્યક છે.

**તફાવત :**

આપણે એ વાત અવશ્ય સ્વીકારવી રહી કે ઉચ્ચ શિક્ષણની કોઇ પણ પ્રથામાં વિવિધતા અને અનેકતા હોવાની. તેથી ભારત જેવા મોટા દેશમાં બધાને લાગુ પડતો એક જ સિદ્ધાંત આપણે અપનાવી ન શકીએ. આપણે વિવિધતાને ખીલવા દેવી જોઇએ. આનાં ધણાં પાસાં હોઇ શકે છે. અભ્યાસક્રમ વિશિષ્ટ જાણકારી, સંસ્થાગત રચના, વિદ્યાર્થીઓની રચના વગેરે. આજ પ્રમાણે જુદાપણું કુદરતી નહિ પણ અનિવાર્ય છે. આપણે તેને સ્વીકારવા માગતા ન હોય તેમ છતાં તે એક હકીકત છે. વિદ્યાર્થીઓ અને વાલીઓની ખાસ પસંદગી હોય છે. પ્રાપ્ત માહિતી પરથી રચેલા પોતાના ખ્યાલોના આધારે શક્ય ગર્ભિત ક્રમ હોય છે. આપણા અનેકતાના ખ્યાલે આવી વિવિધતા અને જુદાપણાની ઉપેક્ષા કરીને તેનાથી દૂર ભાગવાના બદલે તેનો સ્વીકાર કરવો જોઇએ. તે વિશ્વમાં દરેક ઉચ્ચ શિક્ષણની પ્રથાનું આગવું લક્ષણ છે. ઉચ્ચ શિક્ષણ માટે ઉત્કૃષ્ટતાની શોધ અંગે છે. ઓછામાં ઓછું થોડાક અંશે તો વિશિષ્ટતા માટે છે. જે સંસ્થાઓ ચઢિયાતી છે તે સરેરાશથી આગળ

વધીને મહત્ત્વનાં શિખરે પહોંચે છે. તે બીજાએ અનુસરવાના આદર્શો અને નમૂના છે. જે સંસ્થાઓ આવા આદર્શ બને છે તે બીજી પસંદગીની સંસ્થાઓના સલાહકાર અને માર્ગદર્શક બની શકે છે.

**૬. રાષ્ટ્રીય યુનિવર્સીટીઓ :**

આપણે યુવાનોની ઝડપથી વધતી જતી વસ્તી માટે એકંદર પ્રવેશના પ્રમાણમાં હરણફાળ ભરવા માટે ઉચ્ચ શિક્ષણમાં માતબર અધિક ક્ષમતા ઊભી કરવાની જરૂર છે. આપણા હાલના શિક્ષણના માળખાનું કેવળ વિસ્તરણ કરીને આમ કરવાનું જરૂરી છે. આમછતાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા અને ધોરણોની આપણી સમજમાં મૂળભૂત માળખાગત ફેરફાર હાલના સંસ્થાકીય અને નિયમનકારી માળખાથી મુકતપણે કામ કરે તેવી સંપૂર્ણ નવી સંસ્થાઓ ઊભી કરવાનું જરૂરી બનાવે છે. સર્વોત્તમ કક્ષાનું શિક્ષણ આપે તેવી ૫૦ જેટલી રાષ્ટ્રીય યુનિવર્સીટીઓ ઊભી કરવાની અમે ભલામણ કરીએ છીએ. દેશના બાકીના ભાગ માટેના અનુકરણ કરવાના નમૂનાઓ માટે આ

યુનિવર્સિટીઓ સ્નાતક પહેલાં અને સ્નાતક પછીની કક્ષાએ માનવ વિદ્યાઓ, મૂળભૂત વિજ્ઞાનો, વાણિજ્ય અને વ્યવસાયી વિષયો સહિત સંખ્યાબંધ વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓને તાલીમ આપશે. ૫૦ની સંખ્યા લાંબા સમયના ઉદ્દેશ માટે છે. હાલમાં આવતાં ૩ વર્ષોમાં ઓછામાં ઓછી આવી ૧૦ યુનિવર્સિટીઓ શરૂ કરવાની જરૂર છે. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ બધીજ નવી યુનિવર્સિટીઓ હોવાની જરૂર નથી એ નોંધપાત્ર બાબત છે. આદર્શ નમૂના તરીકે કામ કરવા માટે પસંદગીનાં કડક ધોરણોના આધારે હાલની કેટલીક યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં ફેરવી શકાય. અમે સ્વીકારીએ છીએ કે આ યુનિવર્સિટીઓ સ્થાપવા માટે પૂરતી સંખ્યામાં વિદ્યાશાખાના અધ્યાપકો ન મળે તો માનવ સાધનોની ખેંચ વર્તાશે. પણ શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનાં આવાં કેન્દ્રો માટે ભારતમાં બીજા વ્યવસાય પસંદ કરે કે ભારત બહાર શૈક્ષણિક વ્યવસાયો પસંદ કરે તેવી વ્યક્તિઓમાંથી પ્રતિભાશીલ વ્યક્તિઓને આકર્ષવાનું શક્ય બનવું જોઇએ. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ બે રીતે સ્થાપી શકાય. સરકાર દ્વારા કે સમાજ, સખાવતી ટ્રસ્ટ કે કંપની

અધિનિયમ હેઠળ કલમ ૨૫ હેઠળ જે સ્થાપતાં હોય તે ખાનગી પુરસ્કૃત કરતી સંસ્થા દ્વારા. સરકારી નાણાં વિશ્વભરની યુનિવર્સિટીઓનો અંગભૂત ભાગ હોઇ મોટા ભાગની નવી યુનિવર્સિટીઓને સરકારની માતબર પ્રારંભિક નાણાકીય સહાયની જરૂર પડશે. આ ઘણા સ્વરૂપે હોઇ શકે છે. દરેક યુનિવર્સિટીને તેની જગ્યાની જરૂરિયાત ઉપરાંત સરકારની જમીનની ઠીક ઠીક ફાળવણી થવી જોઇએ. વધારાની જમીન આવક ઊભી કરવાનું તે પછીથી સાધન બની શકશે, યુનિવર્સિટીનું કદ વધવાના કારણે સમય જતાં તેની કિંમત વધશે. ખાનગી રીતે રચાયેલ સખાવતી ટ્રસ્ટ માટે મોટી દેણગીને પ્રોત્સાહન આપવા માટે આવક વેરાના હાલના કાયદામાં અપવાદ કરવાની જરૂર પડે છે. ખાસ કરીને કોઇ નિશ્ચિત સમયે આવકના ઉપયોગ અંગે કોઇ નિયંત્રણ ન હોવું જોઇએ અને ટ્રસ્ટોને પોતાની પસંદગીનાં નાણાકીય સાધનોમાં પોતાનાં નાણાં રોકવાની છૂટ આપવી જોઇએ અને મૂડીરૂપ મિલકતના વેચાણમાંથી થતી બધી આવકને કેપિટલ ગેઇન ટેકસમાંથી માફી આપવી જોઇએ. આ યુનિવર્સીટીઓને જરૂર પડ્યે ખાનગી નાણા

વ્યવસ્થાપકોને નોકરીએ રાખીને પોતાની પસંદગીનાં નાણાકીય સાધનોમાં મૂડી રોકાણ કરવાની સ્વાયત્તતા હશે. પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, વર્ગ ખંડો અને બીજી સુવિધાઓ જેવી ભૌતિક મિલકતના ઇષ્ટતમ વ્યવસ્થાપન માટે યોગ્ય વ્યવસ્થાને અમલી બનાવવાની જરૂર છે. છેવટે આ યુનિવર્સિટીઓને ઉદ્યોગ, સહયોગ, દરિયાપારની કામગીરી તેમજ યુનિવર્સિટીની સગવડોનો અને વિદ્યાર્થીઓના નેટવર્કનો વેપરી ધોરણે ઉપયોગ જેવાં નાણાં ઊભાં કરવાનાં બીજાં સાધનોનો ઉપયોગ કરવા તથા વિદ્યાર્થીઓની ફીનું ધોરણ નકકી કરવાની સ્વાયત્તતા હશે.

અમે સૂચવીએ છીએ તે રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ અખિલ ભારતીય ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે. તેઓ આમ જરૂરિયાતના આધારનો સિદ્ધાંત અપનાવશે અને એ રીતે અરજદારની નાણાં ચૂકવવાની શક્તિ કે અશક્તિના યુનિવર્સિટીએ કરેલ નિર્ણયને અસર કરશે નહિ. વધુમાં એક વખત પ્રવેશ અપાયા પછી યુનિવર્સિટીએ ધ્યાન રાખવું જોઇએ કે નાણાકીય ખેંચના કારણે કોઇ વિદ્યાર્થીને પોતાની જગ્યા જતી કરવી ન

પડે. આ માટે આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ માટે અસંખ્ય શિષ્યવૃત્તિઓ, ફી માફી, છાત્રવૃત્તિઓ અને પુરસ્કારોની જરૂર પડશે. સ્નાતક પહેલાંની કક્ષાએ અરજદારની મૌખિક, ગુણાત્મક અને વિશ્લેષતાત્મક શક્તિનું તટસ્થાતાથી માપ કાઢે તેવી એક રાષ્ટ્રવ્યાપી કસોટી સ્વતંત્ર પરીક્ષણ સંસ્થા દ્વારા લેવામાં આવશે. પ્રવેશ વર્ગ ૧૨નાં પરિણામો, રાષ્ટ્રકક્ષાની કસોટીની સંખ્યા, લિખિત કાર્ય અને અંગત નિવેદનો સહિત અરજીની સામગ્રી તેમજ રૂબરૂ મુલાકાતના સરવાળા ઉપર આધારિત રહેશે. અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ, અરજદારના શૈક્ષણિક રેકર્ડ, અરજીની સામગ્રી, રૂબરૂ મુલાકાત અને શૈક્ષણિક કે વ્યવસાયી નોંધો જે સંબંધિત વિષયમાં વધુ અભ્યાસ માટેની તેની અભિરૂચિ દર્શાવતાં હોય તે બધાના આધારે કરાશે.

રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં પૂર્વ સ્નાતકની ડિગ્રીની મુદત ૩ વર્ષની રહેશે. જેથી ભારતમાં બીજે પૂર્વ સ્નાતક અભ્યાસક્રમોની મુદત સાથે મેળમાં રહે. પ્રથમ વર્ષે વિદ્યાર્થીઓ બીજા વર્ષમાં ખાસ વિષયોની

પસંદગી કરતાં પહેલાં પાયાના વિશ્લેષણાત્મક અને સાધનરૂપ અભ્યાસક્રમોનો અભ્યાસ કરવાની તક રહેશે. તેમને બીજા વર્ષના અંતે સમન્વિત પાંચ વર્ષની માસ્ટર ડિગ્રી પૂરી કરવાનો વિકલ્પ રહેશે. જુદા જુદા અભ્યાસક્રમોમાંથી મેળવેલ ક્રેડિટની જરૂરી સંખ્યા પૂરી કરવાના આધારે ડિગ્રી આપવામાં આવશે. દરેક વિદ્યાર્થીને તેની પસંદગીના વિષયમાંથી ક્રેડિટની લઘુતમ સંખ્યા મેળવવાની રહેશે અને બીજી વિદ્યાશાખાના વિષયમાંથી બાકીના મેળવવાની છૂટ રહેશે. તેથી શૈક્ષણિક વર્ષ  સેમીસ્ટર આધારિત રહેશે અને દરેક અભ્યાસક્રમના અંતે વિદ્યાર્થીઓનું આંતરિક મૂલ્યાંકન કરાશે. એક રાષ્ટ્રીય યુનિવર્સિટીમાંથી બીજીમાં ક્રેડિટની બદલી પણ શક્ય બનશે. પરંપરાગયત શૈક્ષણિક વિદ્યા શાખાઓમાં, રોજગારલક્ષી ખાસ ક્ષેત્રોમાં અને સર્વગ્રાહી ક્ષમતામાં ધણી વિવિધતાવાળા અભ્યાસક્રમો આપવામાં આવશે. જુદી જુદી વિદ્યા શાખાઓમાંના ફેરફારો અને તાજેતરની ધટનાઓથી માહિતગાર રહેવા માટે દર વર્ષે પાઠ્યક્રમમાં સુધારો કરાશે. લાગલગાટ બે વર્ષો સુધી પોતાના પાઠ્યક્રમોને અદ્યતન નહિ કરનાર વિભાગોનું

કારણ માગવામાં આવશે. વિદ્યાર્થીઓને ખાનગી કંપનીઓમાં કે અમુક સંખ્યાની ક્રેડિટના બદલે સંશોધન સ્વીકારવાનો વિકલ્પ અપાશે.

રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં વિદ્યાશાખાની ઉત્પાદકતા માટે નિમણૂકો અને પ્રોત્સાહનોની યોગ્ય વ્યવસ્થા જરૂરી છે. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ વચ્ચે અને વિષયો વચ્ચે પણ પગારની ભિન્નતાને અવકાશ રહેશે. વિદ્યાશાખાની તાલીમ સંશોધન ઉત્પાદન અને વિદ્યાર્થી મૂલ્યાંકનની સામયિક સમીક્ષાના આધાર રહેશે. સૌથી વધુ સિદ્ધિવાળા વિદ્યાશાખાના સભ્યોને પૂર્વ સ્નાતકના અભ્યાસક્રમોમાં શીખવવા માટે પ્રોત્સાહિત કરાશે. કારકિર્દી વૃદ્ધિની કોઇ જ યોજનાઓ રહેશે નહિ અને દરેક કક્ષાએ નિમણૂક ખુલ્લી સ્પર્ધાથી થશે. વિદ્યાશાખાની જગ્યાની કુલ સંખ્યા નિર્દિષ્ટ થઇ શકશે પણ વિદ્યાશાખામાં નિમણૂકો કરવામાં આવે તે કક્ષા પસંદ કરવાની સંપૂર્ણ છૂટ રહેશે જેથી કૌશલ્ય ધરાવતા વિદ્યાશાખાના સભ્યો માટે કારકિર્દીના માર્ગો પર જગ્યાની સંખ્યાના કારણે નિયંત્રણ નહિ આવે. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં ગુણવત્તા જાળવી

રાખવા માટે બરોબરિયા સમીક્ષા (ટીચર રિવ્યૂ) સહિત શિક્ષકોની કામગીરી અને પ્રગતિ પર દેખરેખ રાખવા માટે અને મૂલ્યાંકન કરવા માટેની વ્યવસ્થા હોવી જોઇએ. આ મૂલ્યાંકનો માટેની કાર્યપદ્ધતિઓ અને પરિણામે ખુલ્લાં અને પારદર્શક રહેશે.

આ યુનિવર્સિટીઓનાં સંશોધનનાં પરિણામો વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ભારતના સામાજિક આર્થિક વિકાસ અને પ્રગતિમાંનો મુખ્ય ફાળો હશે. શિક્ષણ અને સંશોધન, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગ અને યુનિવર્સિટીઓ અને સંશોધન પ્રયોગ શાળાઓ વચ્ચે મજબૂત જોડાણ રચવામાં આવશે.

રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ વિભાગ આધારિત રહેશે અને તેને સંલગ્ન કોઇ કોલેજો હશે નહિ. દરેક વિભાગ પૂર્વ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવશે. શક્ય હોય ત્યાં બિનશૈક્ષણિક કાર્યોનું આઉટ સોર્સિંગ લધુત્તમ ગુણોત્તર બિનશૈક્ષણિક અને શૈક્ષણિક સ્ટાફ વચ્ચે રાખવામાં આવશે. દરેક યુનિવર્સિટીએ વિદ્યાશાખા, કર્મચારીઓ,

વિદ્યાર્થીઓ અને લોકોની ફરિયાદોના નિવારણ માટે એક આંતરિક લોકપાલ (એમ્બુડઝમેન)ની નિમણૂક કરવી જોઇશે. શક્ય હોય ત્યાં વહીવટી પ્રક્રિયાઓ સુયોજિત કરવી જોઇએ અને તેને માહિતી અને સંચાર ટેકનોલોજીનો ઉપયોગ કરીને પારદર્શક અને જવાબદાર બનાવવી જોઇએ.

**૭. પ્રવેશ :**

શિક્ષણ એ સામાજિક તકો ઊભી કરીને પ્રવેશ માટેની આવશ્યક વ્યવસ્થા છે. તેથી વધુમાં તે જરૂરી છે કે નાણાકીય મુશ્કેલીઓને કારણે કોઇ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ લેવાની તકથી વંચિત કરાવો ન જોઇએ. આર્થિક રીતે અને ઐતિહાસિક રીતે, સામાજિક રીતે અલ્પ અધિકાર ભોગવતા વિદ્યાર્થી માટે શિક્ષણમાં પ્રવેશ ઠીક ઠીક વધુ રીતે મળવો જોઇએ.

ઉચ્ચ શિક્ષણ આડેના આર્થિક અવરોધો ઉચ્ચ શિક્ષણ જગતમાં પ્રવેશવા ઇચ્છતા બધા વિદ્યાર્થીઓ માટે નાણાકીય સધ્ધરતા આપીને

દૂર કરવા જોઇએ. બે વ્યૂહરચનાથી આમ થઇ શકે છે. એક તો માત્ર જરૂરિયાત આધારિત પ્રવેશની નીતિ અપનાવવાની છે. આ બાબત, વિદ્યાર્થીને પ્રવેશ આપવો કે નહિ તે નકકી કરતી વખતે નાણાકીય પરિબળ ધ્યાનમાં લેવાનું શૈક્ષણિક સંસ્થાઓ માટે ગેરકાયદે બનાવશે. આ હેતુ સિદ્ધ કરવા માટે દરેક સંસ્થા અસંખ્ય સાધનોનો ઉપયોગ કરી શકે છે. શિષ્યવૃત્તિઓ કે ક્રોસ સબસિડીઓ. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, તે સંસ્થાના પૂરેપૂરા શિક્ષણ ખર્ચ માટેનાં નાણાં આપવા તૈયાર હોય તેવી ઓછામાં ઓછી બે બેંકો, જે પ્રવેશની હકીકત સિવાય કોઇ જ બાંયધરી સિવાય આપશે, તેવી જોગવાઇને અધીન રહીને પોતાની પસંદગીની ફી નકકી કરશે. શિક્ષણના ખર્ચમાં એકલી ફી જ નહિ પણ હોસ્ટેલ અને ભોજન શાળાની ફી તથા અભ્યાસક્રમ સાથે સંકળાયેલ કોઇ બીજા ખર્ચ સહિત વ્યાજબી નિર્વાહ ખર્ચનો સમાવેશ થશે. વાણિજ્યિક બેંકો આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને, ખાસ કરીને બિન-વ્યાવસાયિક અભ્યાસક્મમોમાં, નાણાં આપતાં ખચકાતી હોઇ આપણને આર્થિક રીતે અલ્પ અધિકાર ભોગવતા વિદ્યાર્થીઓ અને

ઐતિહાસિક રીતે, સામાજિક રીતે વંચિત જૂથોના વિદ્યાર્થીઓ ખાસ કરીને ગ્રામીણ અને પછાત વર્ગના વિદ્યાર્થીને લક્ષ્યમાં રાખીને ઠીક ઠીક નાણાંવાળી અને વ્યાપક રાષ્ટ્રીય શિષ્યવૃત્તિની યોજનાની જરૂર છે. આ દરખાસ્તની સફળતા ઉદાર સરકારી સહાય ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે સરકારે આવા વિદ્યાર્થીઓ માટે આશરે ૧,૦૦,૦૦૦ શિષ્યવૃત્તિઓ સુલભ કરવા માટેનો પ્રયત્ન કરવો જોઇએ. આ શિષ્યવૃત્તિઓ એવી કક્ષાએ નક્કી કરવી જોઇએ કે જ્યાં વિદ્યાર્થીઓને પોતાની પસંદગીની કોઇપણ સંસ્થામાં જવાની છૂટ હોય.

સીમાંત અને વંચિત જૂથોનો સમાવેશ થાય એ રીતે હકારાત્મક પગલાંનું વધુ અનુકૂળ રૂપ અપનાવવાની આપણે જરૂર છે. આરક્ષણ જરૂરી છે. પણ તે હકારાત્મક પગલાનો એક ભાગ અને એક સ્વરૂપ છે. શૈક્ષણિક સિદ્ધિઓમાંની વિસંગતિઓ જાતિ અને સામાજિક જૂથો સાથે સંબંધ ધરાવે છે. પણ આવક, લિંગ, પ્રદેશ અને નિવાસ સ્થાન જેવાં બીજાં પરિબળો સાથે પણ ગાઢ રીતે જોડાયેલ છે. વધુમાં, ગુણવત્તાવાળા ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિ, અમુક પ્રકારની શાળાના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત હોય છે. તેથી શૈક્ષણિક તકોથી વંચિત રહી જવાની બાબત બહુ આયામી પ્રશ્ન છે અને વિદ્યાર્થીઓ દ્વારા વંચિત રહી

જવાની જુદી જુદી કક્ષાઓ પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. અર્થપૂર્ણ અને વ્યાપક માળખું હજી પણ ચાલુ રહેતા તફાવતના બહુ આયામો માટે જવાબદાર છે. વંચિતતાનો આવો સૂચિકાંક વિદ્યાર્થીઓને માટે ભારે આંક આપે છે અને એકત્રિત આંક વિદ્યાર્થીઓની શાળાના આંકમાં પૂર્તિ કરવા માટે વાપરી શકાય છે. વંચિતતાના સૂચિકાંકમાંથી આંક ઉમેર્યા પછી બધા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે સ્પર્ધા કરી શકે છે.

સૂચકો પદ્ધતિ અસરકારક કામ કરે તે માટે સરળતાથી નક્કી કરીને ચકાસવાની જરૂર છે. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે અરજી કરતી વખતે શાળા કક્ષાએ વિદ્યાર્થીને થતા જુદા જુદા પ્રકારના ગેરલાભોનો તેમાં સમાવેશ કરવો જોઇએ. આ પ્રથા જુદા જુદા ગેરલાભો વિચારવા માટેનો બેવડો હેતુ પાર પાડશે અને સુનિશ્ચિત કરશે કે જેણે બીજી રીતે બીજા લાભો મેળવ્યા હોય તેવો અનામત કક્ષાનો વિદ્યાર્થી પ્રવેશ વખતે ઊંચી અગ્રતા મેળવી શકે નહિ.

આવી સૂચિ દ્વારા માપવાના પછાતપણાના દાખલારૂપ સૂચકો જાતિ (પ્રાદેશિક ફેરફાર ધ્યાનમાં રાખીને), ધર્મ અને લિંગ, કુટુંબ શિક્ષણનો ઇતિહાસ, કુટુંબની આવક, સરકારી અને ખાનગી શાળાઓ અને જુદાં જુદાં સ્થળોની શાળાઓ વચ્ચેથી જુદી પડતી શાળાનો પ્રકાર, શિક્ષણનું માધ્યમ, શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે જુદા પડતા નિવાસનું સ્થળ અને માળખાની સૂચિ કે સામાજિક લાભોની પ્રાપ્તિ અને ભૌતિક અસમર્થતાની સાથે જિલ્લાઓ જુદા પાડીને પ્રાદેશિક વંચિતતા માટે જવાબદાર બાબતોને આવરી લેતી સામાજિક પાર્શ્વભૂમિનો સમાવેશ કરી શકાશે.